मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૬૩ મું અંક ૧ લો

કાર્તિક

ઇ. સ. ૧૯૪૬ ૭ મી નવેંબર

વીર સં. ૨૪૭૩ વિક્રમ સં. ૨૦૦૩

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર



[illegible]

—x [illegible] x—

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૩ મું } કાર્તિક { વીર સં. ૨૪૭૩
અંક ૧ લો } { વિ. સં. ૨૦૦૩

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧. | અષ્ટ મંગલ ... ... ... | ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) | ૧ |
| ૨. | નવીન વર્ષની ભાવના ને પ્રકાશ ... | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૩ |
| ૩. | જૈનધર્મ પ્રકાશ ચિરંજીવ રહો ! ... | ( હીરાચંદ ઝવેરચંદ શાહ ) | ૪ |
| ૪. | श्रीजैनधर्मप्रकाश... ... ... ... | ( રાજમલ ભંડારી ) | ૫ |
| ૫. | જ્ઞાનની પરબ ... ... ... | ( અમરચંદ માવજી શાહ ) | ૬ |
| ૬ | નૂતન વર્ષ ... ... ... | ( જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૭ |
| ૭. | પ્રભુસ્વરૂપ ... ... ... | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૧૧ |
| ૮. | ઉપયોગી જીવન ... ... ... | ( ચતુર્ભુજ જેચંદભાઇ શાહ ) | ૧૭ |
| ૯. | બંધનમાં જ મુક્તિ ... ... | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૧૯ |
| ૧૦. | શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન : ૨૧ | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S. ) | ૨૧ |
| ૧૧. | आशीर्मंगलम् ... ... ... | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૨૪ |
| ૧૨. | અધ્યાત્મ-શ્રીપાલચરિત્ર ... ... | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૨૫ |
| ૧૩. | સભા સમાચાર ... ... ... | | ૨૭ |
| ૧૪. | વિજ્ઞપ્તિ ... ... ... ... | | ટા. પે. ૩ |


## નવા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શાહ જયંતિલાલ પ્રભુદાસ | ભાવનગર | લાઇફ મેમ્બર |
| ૨. | શાહ છગનલાલ રામજી | ભાવનગર | વાર્ષિક મેમ્બર |
| ૩. | શાહ તલકચંદ ઝવેરચંદ | ભાવનગર | વાર્ષિક મેમ્બર |
| ૪. | શાહ પુનમચંદ ભીખાભાઇ | ભાવનગર | વાર્ષિક મેમ્બર |
| ૫. | શાહ સોજપાળ કેશવજી | પાલીતાણા | વાર્ષિક મેમ્બર |
| ૬. | શેઠ મથુરદાસ છગનલાલ | ભાવનગર | વાર્ષિક મેમ્બર |





પુસ્તક ૬૩ મું. અંક ૧ લો

: કાર્તિક :

વીર સં. ૨૪૭૩ વિ. સં. ૨૦૦૩


**मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।** ( મુદ્રાલેખ )

# અષ્ટમંગલ.

આ પૃષ્ઠના મથાળાનું અષ્ટમંગલનું નવીન ચિત્ર શું દર્શાવે છે તે જાણવા અષ્ટમંગલની સમજણ નીચે આપવામાં આવે છે.

( ૧ ) **સ્વસ્તિક**—સ્વસ્તિ-અખંડ કલ્યાણ વિશ્વમાં સર્વત્ર શ્રી જિનવરોના જન્માદિ સમયે કલ્યાણ પ્રવર્તે છે, ચારે ગતિના જીવો પ્રમુદિત થાય છે, તે સૂચક ચિહ્ન 'સ્વસ્તિક' છે.

**स्वस्ति भूगगननागविष्टपे-घूदितं जिनवरोदये क्षणात् ।**
**स्वस्तिकं तदनुमानतो जिन-स्याग्रतो बुधजनैर्विलिख्यते ॥**

'સ્વસ્તિ' શબ્દથી સ્વાર્થમાં 'ક' પ્રત્યય આવેલ છે. જેમ બાલ + ક= બાલક થાય છે તેમ. કલ્યાણ દર્શાવનાર આકૃતિ હોવાથી માંગલિક છે. ચાર પાંખડા ચાર ગતિના સૂચક છે.

( ૨ ) **શ્રીવત્સ**—શ્રી તીર્થંકર પરમાત્માના વક્ષસ્થલની મધ્યમાં એ ચિહ્ન હોવાથી મંગલભૂત છે.

( ૩ ) **શરાવસંપુટ**—જનતાએ પણ વિવાહાદિ કાર્યોમાં આને મંગલ તરીકે સ્વીકારેલ છે. બે શરાવ એકઠા કરવાથી જે આકાર થાય છે તે રમ્ય ને સૂચક હોય

છે. તેની પરિધિ ગોળ ને ઉત્તરોત્તર વધતી હોય છે. એ એમ જણાવે છે કે દિનાનુદિન તમારું શુભ સ્થિર ને વધતું રહો.

હે જિનેશ્વર! આપના પસાયથી પુણ્ય-યશ-ઉદય-પ્રભુત્વ-મહત્ત્વ-સૌભાગ્ય-બુદ્ધિ-વિનય-સુખ અને મનોરથો વધે છે માટે અમે વર્ધમાનયુગલ-શરાવસંપુટ આપની પાસે કરીએ છીએ.

**पुण्यं यशः समुदयः प्रभुता महत्त्वं, सौभाग्यधीविनयशर्ममनोरथाश्च ।**
**वर्धन्त एव जिननायक ! ते प्रसादा-त्तद्वर्धमानयुगलं पटमादधामः ॥**

(૪) **મીનયુગ્મ**—શુકનશાસ્ત્રે જલચરના જોડલાને મંગલ તરીકે ગણાવેલ છે. '**जलचरमिथुनम्**' એવા વચનો શુકનશાસ્ત્રમાં બહુશઃ આવે છે. મીનકેતન-મકરધ્વજ વગેરે કામદેવના નામ છે. અર્થાત્ કામદેવનું મીન એ ચિહ્ન છે. કામના ચિહ્નો સર્વ મંગળ મનાયા છે. વિશ્વની ત્રિવિધ સ્થિતિ છે. ઉત્પત્તિ, સ્થિતિ ને વિનાશ. તેમાં વિનાશ એ માંગલિક નથી. ઉત્પત્તિ એ માંગલિક છે. મીનયુગ્મની સ્થાપના ઉત્પત્તિ ચિહ્નની સૂચક છે.

(૫) **ભદ્રાસન**—કલ્યાણકર આસન સિંહાસન પર બેસી અનેક શુભ સન્દેશ જનતાને સંભળાવાય છે. અમુક આસનની રચના જ એવી હોય છે કે જેના પર બેસવાથી અનેક કલ્યાણકર વિચારણાઓ જન્મે છે.

(૬) **કલશ**—સ્વપ્નશાસ્ત્ર-શુકનશાસ્ત્ર ને વ્યવહારમાં જલપૂર્ણ કલશને મંગલપણે માનેલ છે. **कलं-जलपरिपूर्णं सत् मधुराव्यक्तं, शयति-शब्दं करोतीति कलशः ।** ઈત્યાદિ કલશ વગેરેના વ્યુત્પત્તિથી સમજાતા અર્થો પણ મંગલસૂચક છે. દેવાલયો ઉપર કળશ સ્થાપન કરાય છે.

તીર્થંકર પરમાત્માઓ ત્રણ લોકમાં ને પોતાના કુલમાં કલશ સમાન ગણાય છે તે માટે તેમની આગળ તે આલેખીને ભક્તિ વ્યકત કરાય છે.

**विश्वत्रये च स्वकुले जिनेशो, व्याख्यायते श्रीकलशायमानः ।**
**अतोऽत्र पूर्णं कलशं लिखित्वा, जिनार्चनाकर्मकृतार्थयामः ॥**

(૭) **દર્પણ**—આદર્શમાં પ્રતિબિમ્બ પડે છે. લોકોમાં આરીસો મંગલ ચિહ્ન ગણાયો છે. તેની સ્વચ્છતા તેમાં હેતુભૂત છે.

(૮) **નંદ્યાવર્ત**—નન્દિ-આનંદ, સુખસંપત્તિ, તેનો આવર્ત-વર્તુલ. એ પ્રમાણેના અર્થને સમજાવનાર શબ્દ જ મંગલ જણાવે છે. નન્દ્યાવર્તની આકૃતિમાં ચારે બાજુ નવ કોણ આવે છે, તે નવ નિધિના સૂચક છે. ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા આવર્તો હોવાથી સંપત્તિની પણ વૃદ્ધિ વધતી રહે છે.

આ આઠે આકૃતિઓમાં મંગલના સર્વ ભેદો સાક્ષાત્ ને પરમ્પરાએ સમાઈ જાય છે. દેવલોક વગેરેમાં અનેક સ્થળે તેના ચિત્રણો શાશ્વત છે. આઠે આકૃતિઓ આકર્ષક છે. જેને જોતાં આનન્દ થાય તે મંગળરૂપે પરિણમે છે. આગમગ્રન્થોમાં પણ સ્થળે સ્થળે અષ્ટ મંગલનો ઉલ્લેખ આવે છે.

**મુનિરાજશ્રી ધુરંધરવિજયજી**

# નવીન વર્ષની ભાવના ને પ્રકાશ

( રાગ-હરિગીત )

મંગળ મુદિત શુભ નવીન વર્ષે, પ્રાર્થના પ્રભુની કરું,
સજ્જન સ્વધર્મી બંધુઓને, સ્વલ્પ સેવાનું કહું;
શૂરા બનો, ધીરા બનો, દઇ દાન ને દાની બનો,
મનુષ્ય ભવની મહામૂલી આ, ભાવના હૃદયે ભરો. ૧

યુગ ધર્મને અપનાવતાં, શુભ કાર્ય આ નજરે ચડે,
સ્વધર્મ અને સ્વ આત્મરક્ષા, સ્મરણમાં જ આવી પડે;
આત્મબળ વિકસાવવા સૌ, પ્રપુનિત માર્ગોને ગ્રહે,
આ સત્યના સદ્બોધમાં, "પ્રકાશ" નાં પગલાં પડે. ૨

છે જૈન ધર્મ વિવેકમાં, પુરુષાર્થના ભાવે ભર્યો,
કૈવલ્ય ને અતિમુકતતા આ, ગુણની પ્રાપ્તિ ગણો;
શ્રદ્ધા ને સમ્યગ્જ્ઞાનથી, દુર્ગમ્ય ગમ્ય તો બને,
"પ્રકાશ" ની આ ભાવના કહી, હૃદયપટમાં ઊતરે. ૩

જાગો યુવાનો જૈનના, રે! સ્વાત્મહિતને કારણે,
યુગ ધર્મને અપનાવવા, આવો સત્યના બારણે;
સંપ, સર્જન, ભ્રાતૃભાવમાં, વિશુદ્ધ ફાળો આપશો,
આબાદી રૂડી મેળવી, મીઠાં ફળોને ચાખશો. ૪

સન્નારીઓ સદ્બોધને, સ્વકાર્યમાં ગુંથે સદા,
આ ક્રાન્તિ યુગને ઓળખી, સ્ત્રી ધર્મો ન ચૂકે કદા;
સ્વાશ્રય ને સ્વાવલંબનના, પાઠો અનેરા શીખશે,
તે સમયને પલટાવીને, શાંતિ સુધાને ભેટશે. ૫

વીર બાળકો આ વર્ષમાં, સૌ વિજયનાદ ગજાવજો,
સ્વધર્મ શિક્ષણ પામીને, સદ્બુદ્ધિને વિકસાવજો;
શરીર સંપત્તિ સાચવી, સુવિજ્ઞાનને વધારજો,
"પ્રકાશ" ની આ ભાવના પ્રભુ! ઘેર ઘેર પ્રગટાવજો. ૬

જિનરાજ! આજ પ્રભાત નવલે, યાચના એવી કરું,
સુખ શાંતિ ને સૌભાગ્યમાં, બંધુ બધાને નીરખું;
આચાર ને વિચારની જ્યાં, એકતા ખરી સાંપડે,
ત્યાં સર્વ સુખ ને સર્વ સિદ્ધિ, સ્વભાવથી આવી મળે. ૭

જિનદેવ શાસનના સુધાકર! જૈન જ્યોતિ જગાવજો,
સત્ય અને અહિંસાતણાં, ઝરણાં શીતળ વહાવજો;
મન, વચન, શુભ કર્મથી સૌ, પુણ્ય માર્ગને જ પામજો,
"શ્રી જૈન ધર્મ પ્રકાશ" ની, આ ભાવના બર આવજો. ૮

મગનલાલ મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ

# શ્રી જૈનધર્મ પ્રકાશ ચિરંજીવ રહો.

卐

( સાંભળજો મુનિ સંયમ રાગે—એ દેશી. )

**શ્રી** વીર જિનેશ્વર જગ ઉપગારી, પાર્શ્વ જિણંદ સુખકારી રે;
સદ્‌ગુરુ ચરણ સુપસાયે પાયા, આગમ દીવ હિતકારી રે. શ્રી વીર૦ ૧
**જૈન**ધર્મનાં તત્ત્વો જાણો, મહા અર્થગંભીર રે;
જાણી વિચારી વર્તન કરીયે, ઉતરીયે ભવપાર રે. શ્રી વીર૦ ૨
**ન**વીન વર્ષે આનંદ ઓચ્છવ, સવી બંધુ સુખી હોજો રે;
ધન ધાન્ય ને ધર્મની વૃદ્ધિ, દુઃખ દારિદ્ર દૂર હોજો રે. શ્રી વીર૦ ૩
**ધ**ગશ **ધ**ણી ધારે નિજ દિલમાં, જૈન ધરમ વિસ્તાર રે;
વિજય ડંકો વગડાવે આલમ, વરતે જય જયકાર રે. શ્રી વીર૦ ૪
**ર**ક્ષણ કરો જીવ મન વચ કાયે, જિનવચન મન ધારી રે;
દાન શિયલ તપ ભાવે ધારો, મન કંટક નીવારી રે. શ્રી વીર૦ ૫
**મ**નમંદિરમાં હરખે ધારો, લેખ સવી વાંચી વિચારી રે;
સાધુ મહાત્મા ચરિત્રો વાંચો, પ્રશ્નોત્તર અતિ ભારી રે. શ્રી વીર૦ ૬
**પ્ર**કાશ કરે સૂર્યચન્દ્ર ક્ષિતિજમાં, તેમ **જૈનધર્મપ્રકાશ** રે;
**યાવચ્ચંદ્ર** રહે **જૈન શાસ્ત્રો**, જૈન આગમ વિકાશ રે. શ્રી વીર૦ ૭
**કા**મ ક્રોધ મદ મોહ નિવારી, પ્રભુ ચરણે ચિત્ત લાવો રે;
તપ જપ દાન દયા શીલ પાળો, સુખ સંયમ મન ભાવો રે. શ્રી વીર૦ ૮
**શ**રણ એક **શ્રી** જૈન ધરમનું, જે છે નિઃસ્પૃહતા દરીયો રે;
ઉપશમ વિવેક સંવરતણાએ, મીઠા ઝરણે ભરીયો રે. શ્રી વીર૦ ૯
**ચિ**ત્ત લગાવો આત્મધ્યાન પર, પરમ તત્વ વિચારી રે;
કાઠીયા તેરને દૂર નિવારો, વિકથાદિ નવિ ધારી રે. શ્રી વીર૦ ૧૦
**રં**જન કરો પ્રભુ શાંતિ જિણંદને, ગુણ ગાઓ ભલી રીતે રે;
જન્મ મરણના ખેલ નિવારે, ધ્યાઇએ જો એક ચિત્તે રે. શ્રી વીર૦ ૧૧
**જિ**નશાસનના સર્વ પત્રકો, માસિકો પણ સાથે રે;
જ્ઞાન દર્શન ચારિત્ર ગુણ ગાઓ, જિનગુણ ગાઓ સંગાથે રે. શ્રી વીર૦ ૧૨
**વ**રસ **બાસઠ** સંતોષે વહીયા, શ્રી જૈન ધરમ સુપસાયે રે;
**રહો** સુખી સહુ આત્મબન્ધુઓ, યશ કીર્તિ તુમ થાયે રે. શ્રી વીર૦ ૧૩

**શાહ હીરાચંદ ઝવેરચંદ—બેંગલોર સીટી**

# श्री-जैन[२]-धर्म[३]-प्रकाश[४]

अज्ञानका विध्वंस करने, श्री जैनधर्म प्रकाश है।
मिथ्यात्वका संहार करने, श्री जैनधर्म प्रकाश है ॥ १ ॥

रत्न समकित प्राप्त करने, श्री जैनधर्म प्रकाश है।
आत्मका आवर्ण हरने, श्री जैनधर्म प्रकाश है ॥ २ ॥

बासठ वर्षका पूर्ण अनुभवी, श्री जैनधर्म प्रकाश है।
जैन जगका वह यशस्वी, श्री जैनधर्म प्रकाश है। ॥ ३ ॥

खंडनमंडन से पृथक् ही, श्री जैनधर्म प्रकाश है।
सम्यक्त्व नीतिवाला ही, श्री जैनधर्म प्रकाश है ॥ ४ ॥

आत्मशक्तिका विकासक, श्री जैनधर्म प्रकाश है।
आत्मज्योतिका प्रकाशक, श्री जैनधर्म प्रकाश है ॥ ५ ॥

चारित्रका उत्तम रचयिता, श्री जैनधर्म प्रकाश है।
आत्मश्रद्धाका संस्थापक, श्री जैनधर्म प्रकाश है ॥ ६ ॥

अनंत जीवोंका अनुभवी, श्री जैनधर्म प्रकाश है।
सूर्यसे ज्यादा तेजस्वी, श्री जैनधर्म प्रकाश है ॥ ७ ॥

शान्ति स्थापित जगमें कर्त्ता, श्री जैनधर्म प्रकाश है।
अमंगलमें भी मंगल कर्त्ता, श्री जैनधर्म प्रकाश है ॥ ८ ॥

नूतन वर्ष में हर्षदाता, श्री जैनधर्म प्रकाश है।
सद्भावनाका निर्मल झरना, श्री जैनधर्म प्रकाश है ॥ ९ ॥

श्री जैनधर्म प्रकाशमें, सद् आगमों का भास है।
श्री जैनधर्म प्रकाशमें, सुसाहित्यका ही प्रकाश है ॥ १० ॥

श्री जैनधर्म प्रकाशमें, रहा आत्मका ही विकास है।
श्री जैनधर्म प्रकाश में, परमात्मका ही प्रकाश है ॥ ११ ॥

श्री जैनधर्म प्रकाशसे, होता प्रगट हर्षोल्लास है।
श्री जैनधर्म प्रकाशसे, निरुत्साहताका नाश है ॥ १२ ॥

---

१ श्री–ज्ञानलक्ष्मी, २ जैन–ज्ञान–क्रियायुक्त, ३ धर्म–आत्म-स्वभाव ४ प्रकाश–आत्म का पूर्ण विकास. श्री–जैन–धर्म–प्रकाश ॥

श्री जैनधर्म प्रकाशसे, कर्मोंकी मिटती चिकाश है।
श्री जैनधर्म प्रकाशसे, सुचारित्रकी ही आश है ॥ १३ ॥
श्री जैनधर्म प्रकाश से, दारिद्रताका नाश है।
श्री जैनधर्म प्रकाश से, कर्मोंका होता काश है ॥ १४ ॥
श्री जैनधर्म प्रकाशसे, मिटती जगतकी त्रास है।
श्री जैनधर्म प्रकाशसे, परिपूर्ण होती आस है ॥ १५ ॥
श्री जैनधर्म प्रकाश से, जीनका अधिक विश्वास है।
श्री जैनधर्म प्रकाशसे, फलती उन्होंकी आश है ॥ १६ ॥
श्री जैनधर्म प्रकाशसे, फैली मधुर मिठास है।
श्री जैनधर्म प्रकाशसे, मनहर महकती सुवास है ॥ १७ ॥
श्री जैनधर्म प्रकाशके, सुरेन्द्र रहते पास है।
श्री जैनधर्म प्रकाशके, यह राज तो एक दास है ॥ १८ ॥

राजमल भंडारी–आगर (मालवा)

---

## જ્ઞાનની પરબ

( રાગઃ બાહિલિંપિકા હરિગીત. )

શ્રી જ્ઞાનામૃતની પરબ જે, બાંધી કુંવરજીભાઇએ;
જૈન ધર્મ સિદ્ધાંતથી, તૃપ્તિ કરી આત્માર્થીએ. ૧
નેર દેહને અર્પણ કર્યો, જૈન ધર્મને પ્રસરાવવા;
ધરી હામ હૈયે હોંશથી, આ પરબને વિકસાવવા. ૨
રહી જ્ઞાનધ્યાનમાં મસ્ત ને, આરાધના જીવનમહિં;
મહત્ પુરુષની વાણી જે, ' પ્રકાશ ' માં વહેતી રહી. ૩
પ્રગટ કર્યાં પુસ્તક ઘણાં, એ વીર વાણી જળતણાં;
સાધુ સાધવી આદિ સંઘે, લાભ લીધાં છે ઘણાં. ૪
રખવાળ એ પરબતણાં, વિકસાવીને ચાલ્યાં ગયાં;
કર્તવ્ય પાલન પ્રેરણા, અર્પી કમિટીને ગયાં. ૫
સહકાર ને શુભ લાગણીથી, પરબ આ ચલાવજો;
' भावनगर ' નું નામ અમર, જૈન જગતમાં રાખજો. ૬

અમરચંદ માવજી શાહ

# नूतन-वर्ष

વિક્રમ સંવત ૨૦૦૩ ના નૂતન મંગળમય પ્રભાતે "શ્રી જૈન ધર્મ પ્રકાશ" બાસઠ વર્ષની વય વ્યતીત કરી તેસઠમા વર્ષમાં પ્રવેશ કરે છે. માસિકનું આવું લાંબું આયુષ્ય એક અહોભાગ્ય છે. તેનું મોટું માન સદ્‌ગત શેઠ કુંવરજીભાઈને ઘટે છે. તેમનો સ્થૂળ દેહ વિલય પામ્યા છતાં તેમનો અમર આત્મા માસિકને તથા આ સંસ્થાને પ્રાણ પૂરી રહ્યો છે.

વ્યતીત થતાં વર્ષ ઉપર દૃષ્ટિપાત કરતાં તેમાં અનેક અસાધારણ ઘટનાઓ બનેલી જોવામાં આવે છે. મિત્ર રાજ્યોએ લડાઇ જીતી છે પણ શાંતિ સ્થાપી નથી. જગતમાં સર્વ સ્થળે અશાંતિ વર્તે છે. કહેવાતા મહાન્ રાજ્યોમાં જ્યાં સુધી હૃદયપલટો નહિ થાય, બીજાને ભોગે મિલ્કત એકઠી કરવાની વૃત્તિ ઓછી નહિ થાય, સ્વાર્થની સાથે કાંઇ પરમાર્થ દૃષ્ટિ નહિ જાગૃત થાય ત્યાં સુધી મહાન્ સત્તાઓને પણ શાંતિ મળવાની નથી. શ્રી મહાવીર ભગવાન, શ્રી જીસસ ક્રાઇસ્ટ, શ્રી ગૌતમ બુદ્ધ આદિ પયગંબરોએ જે અહિંસા, સત્ય ને અપરિગ્રહનો માર્ગ બતાવ્યો છે તે માર્ગ ઉપર જગત્ નહિ ચાલે ત્યાં સુધી શાંતિ થવાની નથી, શાંતિ સ્થાપવાના પ્રયાસો—પરિષદો વિગેરે નિષ્ફળ જવાના છે.

ગત વર્ષ હિંદુસ્તાનના ઈતિહાસમાં રત્નજડિત સુવર્ણમય પાનું છે. લગભગ હજાર બારસેંહ વર્ષ સુધી પ્રજાએ પરતંત્રદશા ભોગવ્યા પછી સ્વતંત્રતાની આછી-પાતળી ઝાંખી થવા માંડી છે. ગયા મહાયુદ્ધમાં બ્રિટિશ સામ્રાજ્યનું આસન હચમચી ગયું. અમેરિકા, રશિયા જેવી સત્તાઓની સરખામણીમાં તેનો દરજ્જો ઉતરતો થઇ ગયો, રૂઢિચુસ્ત પક્ષને સ્થાને સમાજવાદી મજૂર પક્ષ સત્તા ઉપર આવ્યો. તે પક્ષના દીર્ઘદૃષ્ટિ મુત્સદ્દીઓએ હિંદુસ્તાનની આઝાદી અને સહાનુભૂતિમાં જ ઇંગ્લાંડનું ભાવી શ્રેય જોયું એટલે હિંદુસ્તાનને આઝાદીને રસ્તે ચડાવવા મંત્રીમીશન આવ્યું. ત્રણ ત્રણ ચાર ચાર મહિનાઓ હિંદુસ્તાનના મુખ્ય રાજકીય પક્ષો કોંગ્રેસ અને મુસ્લીમ લીગની સાથે વાટાઘાટો ચલાવી. લીગની હિંદુસ્તાનના ભાગલા પાડવાની—જૂદું પાકિસ્તાન સ્થાપવાની જીદથી નિર્ણય કર્યા વિના મંત્રીમીશન પાછું ગયું અને છેવટે ઇંગ્લાંડમાં નિર્ણય કરી બંને પક્ષને અમુક સરતે કામચલાઉ ગવર્મેન્ટ સંભાળી લેવા જાહેર કર્યું. લીગ તેમાં સંમત નહિ થઇ

એટલે કોંગ્રેસે કામચલાઉ ગવર્મેન્ટ સંભાળી લીધી અને તેના વડા તરીકે પંડિત જવાહિરલાલને માથે તાજ ચઢ્યો. હાલમાં ના. વાયસરોયના આમંત્રણથી લીગ પણ તેમાં દાખલ થયેલ છે. કોંગ્રેસ અને લીગનો સંયુક્ત કારભાર સુખરૂપ નીવડશે કે કેમ તેમાં પ્રજાને ઘણો સંશય છે. સામ્રાજ્યવાદીઓની કાંઇ અશુભ નિષ્ઠા છે એવો લોકોને વહેમ જાય છે. આપણે પરમાત્મા પાસે પ્રાર્થના કરશું કે સૌને સદ્બુદ્ધિ આપો અને હિંદીઓને હાથે હિંદુસ્તાનનું રાજ્ય ચાલે એવી સૌને પ્રેરણા આપો.

કોઇપણ રાજ્યમાં રાજ્યસત્તાની વહેંચણી કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે ઉગ્ર મતભેદો થાય છે. હિંદુસ્તાન ચાલીશ કરોડ વસ્તીવાળો એક મોટો દેશ–ખંડ છે. અહીં જૂદા જૂદા ધર્મો અને જૂદી જૂદી સંસ્કૃતિના માણસોનો વસવાટ છે. મુસલમાન જેવી એક ધર્મઝનૂની કોમની મોટી વસ્તી છે, જેમાંનો મોટો ભાગ અજ્ઞાન છે. જે કોમને ધર્મની લાગણીથી ઉશ્કેરવી એ ઘણું સહેલું કામ છે. એટલે કામચલાઉ ગર્વમેંટના સ્થાપનાના પ્રસંગ ઉપર જ કલકત્તા–અમદાવાદ–મુંબઇ–દિલ્હી–અલ્હાબાદ જેવા મોટા શહેરોમાં કોમી વાતાવરણના હુલ્લડો બન્યા છે, જે હજુ સુધી શાંત થયા નથી કે કબજે આવ્યા નથી. કલકત્તામાં અને હાલમાં પૂર્વબંગાળમાં તો ઘોર અત્યાચારો બન્યા છે. મિલ્કતનો અને માણસોનો મોટો નાશ થયો છે. આવા પ્રસંગો ઉપરથી આપણી જૈન કોમને ઘણું વિચારવાનું અને શીખવાનું રહે છે. બ્રિટિશ હકુમતના છેલ્લા સો દોઢસો વર્ષના શાંતિના કાળમાં જૈન સમાજે મંદિરો, ઉપાશ્રયો આદિનો ઘણો વિસ્તાર વધાર્યો છે પણ તે સાચવવા શક્તિ વિકસાવી નથી, અને મંદિરો વિગેરેનું રક્ષણનું કામ ભાડુતી માણસોથી લીધું છે. આવા કોમી સંઘર્ષણવાળા કટોકટીના સમયમાં ભાડુતી માણસોથી રક્ષણ થઇ શકશે એ માન્યતા ખોટી છે. આપણે જ આપણા તીર્થો–મંદિરો, ઉપાશ્રયો અને સાધુ–સાધ્વીઓનું રક્ષણ કરવાની શક્તિ કેળવવી જોઇએ. યુવાન માણસોને શારીરિક તાલીમ આપવાને વ્યાયામશાળાઓ સ્થાપવી જોઈએ. લઇ શકે તેવાઓને લશ્કરી તાલીમમાં જોડવાં જોઇએ. ઊગતી પ્રજાની શારીરિક સંપત્તિ તરફ દુર્લક્ષ્ય ન હોવું જોઇએ. શરીરને પોષે એવો પૌષ્ટિક ખોરાક મળવો જોઇએ. ક્ષયરોગની સ્થિતિએ પહોંચેલા આપણા સમાજના શારીરિક બંધારણ ઉપર અત્યારનો દેશકાળ અને આપણા ઉપર ઉત્પન્ન થતી ભાવિ જવાબદારીના યથાસ્થિત જ્ઞાન વિના ધર્મને નામે–ખોટે બહાને એવું આક્રમણ ન થવું જોઇએ કે જેથી શરીરસંપત્તિને અભાવે એક જૈન પોતાનું કે પોતાના ધર્મનું કે પોતાના સ્ત્રી બાળકોનું રક્ષણ કરવા નાલાયક થઇ જાય. વસ્તુપાળ તેજપાળ જેવા શૂરવીર શ્રાવકોને આદર્શ તરીકે રાખવાનો આ કાળ છે. તેવા ઉપદેશની જરૂર છે; નહિ તો જૈન અને જૈન ધર્મ નામશેષ થવાનો ભય છે. આપણો જૈનસમાજ ઊગતી પ્રજાની શારીરિક સંપત્તિ તરફ કેટલું દુર્લક્ષ્ય રાખે છે તેનો યથાસ્થિત ચિતાર મુંબઇની શ્રી શકુંતલા જૈન કન્યાશાળાની બહેનોની શારીરિક તપાસ જે કરાવવામાં આવી અને

તેમાં તપાસ કરનાર નિષ્ણાત ડોકટર દાદાચાનજીને જે સ્થિતિ જોવામાં આવી તેના રિપોર્ટ ઉપરથી જોવામાં આવે છે. આ રિપોર્ટ આપણે સૌએ વાંચવા જેવો છે. બીજે ઠેકાણે તો આથી વધારે વિષમ શારીરિક દારિદ્રય હોવાનો સંભવ છે. ટૂંકામાં શરીર સ્વાસ્થ્ય તરફ દુર્લક્ષ્ય આપવું તે આ કાળમાં વિનાશ વ્હોરવા જેવું છે.

જૈન સમાજની આર્થિક સ્થિતિ પણ ઘણે ભાગે શોચનીય છે. લડાઇ દરમ્યાન માલધારી વેપારીઓએ સારું પેદા કર્યું છે, મિલ જેવા ઉદ્યોગપતિઓએ પુષ્કળ પેદા કર્યું છે, કેટલાકે કાળાબજારો કરી સારો લાભ ઉઠાવ્યો છે, પણ આ બધા પૈસા પેદા કરનારની સંખ્યા ઘણી ઓછી છે, પાંચ દશ ટકાથી વધારે હોવા સંભવ નથી. બાકી તો નોકરીઆતો, મધ્યમ અને ગરીબવર્ગનો મોટો ભાગ સખત મોંઘવારીને કારણે ઘણી આર્થિક મુંઝવણમાં છે. કેટલાકોએ તો ઘરેણા, વાસણો વિગેરે વેચી નિભાવ કર્યો જોવામાં આવે છે. સામાન્ય માણસોને તેમના સંતાનોને યોગ્ય કેળવણી આપવાના સાધનો નથી. પરિણામે કાઠિયાવાડ જેવા દેશમાં તો ઉચ્ચ કેળવણીનો જૈનોમાં મોટો અભાવ જણાય છે. જૈનસ્કુલો, ગુરુકુલો, બોર્ડીંગો જેવી સંસ્થાઓ જ્યાં વગર લવાજમે કેળવણી અપાય છે તે ઉભરાતી જાય છે, અને ફંડો એકઠા કરવાના અનેક પ્રયાસો કર્યા છતાં નાણાની તાણ જોવામાં આવે છે. ટૂંકામાં આપણું આર્થિક તંત્ર પુનરુત્થાન માગે છે. જૈનસમાજે ભવિષ્ય તરફ દષ્ટિ કરી આ કાળમાં પૈસાનો વ્યય કયાં કેવી રીતે કરવો તેનો વિચાર કરવાનો છે અને સીદાતા ક્ષેત્રોનું દ્રવ્ય અને ભાવથી સિંચન કરવાનું છે. ઉપદેશકોએ પણ આ હકીકત લક્ષ્યમાં રાખવા જેવી છે.

હવે શ્રી જૈનધર્મ પ્રસારક સભાને અંગે થોડું નિવેદન કરવાની જરૂર છે. સદ્ગત શેઠશ્રી કુંવરજીભાઇનું વ્યક્તિત્વ એવું હતું કે તેઓશ્રીના વહિવટ દરમ્યાન બીજા સભ્યોની સક્રિય મદદની ઓછી જરૂર હતી. પ્રમુખ તરીકેનું, સેક્રેટરી તરીકેનું અને પ્રકાશનનું બધું કામ મોટે ભાગે તેઓ સંભાળતા અને પુણ્યના યોગે પાછલી જિંદગીમાં સભાનું કામ સંભાળવાનો તેઓશ્રીને પૂરતો અવકાશ મળ્યો હતો. શારીરિક શક્તિ મંદ થતાં છેલ્લાં વર્ષ બે વર્ષમાં તેઓશ્રી પૂરતું ધ્યાન આપી ન શકયા, પરિણામે સભાનો હિસાબ–નામું વિગેરે ચડી ગયા. વ્યવસ્થાપક કમીટીની ચુંટણી પણ ન થઈ અને હોદ્દેદારો પણ ન ચુંટાયા. આવી સ્થિતિમાં તેઓશ્રીના સ્વર્ગવાસ પછી કામ વધારે વ્યવસ્થિત કરવાની ભાવના સભાના જવાબદાર સભ્યોને થઇ. પરિણામે ગત શ્રાવણ માસના માસિકમાં ટૂંક હેવાલ પ્રગટ કરવામાં આવ્યો છે તે પ્રમાણે ચૂંટણી કરવામાં આવી. હોદ્દેદારો અને વ્યવસ્થાપક કમીટીનાં સભ્યોને ચૂંટી કાઢવામાં આવ્યા. ત્યાર પછી બંધારણ ઘડવાને એક કમીટી નીમવામાં આવી, અને હિસાબ ચોખ્ખો કરવાને નામાવાળા માણસને રાખી લેવામાં આવ્યો છે.

બંધારણ ઘડવાનો મુસદ્દો તૈયાર થઇ ગયો છે અને થોડા વખતમાં વ્યવ-

સ્થાપક કમીટી અને જનરલ સભા તરફ મૂકવામાં આવશે. હિસાબ પણ લગભગ તૈયાર થયો છે અને કમીટી પાસે મૂકવામાં આવશે. સભ્યોની જાણ માટે આ હકીકત રજૂ કરવામાં આવે છે.

ગયા સં. ૨૦૦૨ ના વર્ષમાં માસિકને અંગે રૂા. ૧૯૦૦) છાપકામના, રૂા. ૧૮૦૦) કાગળ તથા ટાઇટલ વિગેરેના, રૂા. ૩૫૦) પોસ્ટેજ વિ. ના તથા રૂા. ૫૦૦) કન્ટીજંટ રેપર નોકર પગારના વિગેરે મળી અંદાજે રૂા. ૪૨૫૦) નો ખર્ચ થયો છે. એટલે ચૌદશે નકલને હિસાબે એક વર્ષનો એક માસિકનો ખર્ચ રૂા. ૩) આશરે થયો છે; જ્યારે લવાજમ માત્ર રૂપિયો દોઢ છે, જેથી દર માસિકે રૂા. દોઢની ખોટ આવી છે. આ વર્ષે છપામણી, કાગળ વિગેરેનો ખર્ચ ઘટશે એવી આશા હતી પણ તેથી ઊલટું જ બન્યું છે. આ વર્ષે છપામણી વિગેરેના ભાવ દોઢા જેટલા થઇ ગયા છે. એટલે માસિકને અંગે વધારે ખોટ આવશે. તે ખર્ચને કેવી રીતે પહોંચી વળવું તે વિચાર કરવા જેવો વિષય છે. "શ્રી જૈન ધર્મ પ્રકાશ" એક જૂનામાં જૂનું જૈન માસિક છે. તેમાં લેખો ખંતપૂર્વક વિદ્વાન આચાર્યો અને મુનિ મહારાજો તથા ગૃહસ્થોને હાથે લખાય છે. જૈન સમાજમાં પણ આ માસિકની ઘણી સારી કદર છે. ઉત્તરોત્તર માસિકને સમૃદ્ધ કરવું એવી અમારી ભાવના છે. લવાજમ વધારવા કરતાં સખી ગૃહસ્થોની મદદથી આવો મોંઘવારીનો વખત જો વ્યતીત કરી શકાય તો તે વધારે ઇષ્ટ અમને જણાય છે.

આવા માસિક દ્વારા જ્ઞાનનો પ્રચાર કરવો, ઘરે ઘરે અને ગામે ગામ ધર્મ જ્યોત પ્રકાશવો એ એક અમૂલ્ય લ્હાવો છે, એક પ્રકારની લ્હાણી છે, એક પ્રભાવના છે. આવી ધર્મ પ્રભાવના કરવામાં અર્થનો વિચાર ઓછો કરવો જોઇએ. ગયે વરસે માસિક માટે સહાયની અમે અમારા વાંચનારાઓ પ્રત્યે વિનંતિ કરી હતી અને જે સારી રકમ અમને મળી તેથી અમને સારું પ્રોત્સાહન મળ્યું છે. આ વર્ષે પણ સહાયની જરૂર રહે છે. અમને પૂર્ણ શ્રદ્ધા છે કે અમારા વાંચકો માસિકના અંગેની આર્થિક મુશ્કેલી ધ્યાનમાં લઈ યથાશક્તિ મદદ મોકલશે.

ગયા વર્ષના પુસ્તક ૬૨ માં જે ગદ્યપદ્ય લેખો જૂદા જૂદા સાધુ મુનિમહારાજાઓ તથા વિદ્વાન લેખકો તરફથી મળેલા છાપવામાં આવ્યા છે, તેનો નોંધ આસો માસના અંકમાં વાર્ષિક અનુક્રમણિકામાં આપવામાં આવ્યો છે. પદ્ય લેખોમાં મહારાજશ્રી ધુરંધરવિજયજી, મ. રૂચકવિજયજી. મ. શિવાનંદજી, આ. વિજયપદ્મસૂરિજી તથા શ્રી મગનલાલ મોતીચંદ શાહ, શ્રી રાજમલ ભંડારી, શ્રી અમરચંદ માવજી, શ્રી બાલચંદ હીરાચંદ વિગેરે નામો અગ્રસ્થાન ભોગવે છે. ગદ્ય લેખોમાં

મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી, મુનિ ન્યાયવિજયજી, આ. વિજયપદ્મસૂરિજી. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી તથા શ્રી મોતીચંદ ગિરધરલાલ, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, ડૉ, ભગવાનદાસ મનસુખભાઇ, પ્રો. હીરાલાલ કાપડીયા, શ્રી રાજમલ ભંડારી, શ્રી બાલચંદ હીરાચંદ, શ્રી અગરચંદજી નાહટા, શ્રી દીપચંદ જીવણલાલ, શ્રી ચતુર્ભુજ જયચંદના નામો જોવામાં આવે છે. અમે પણ દરમહિને યથાશકિત લેખો માસિકને આપ્યા છે. જૂદા જૂદા ગદ્ય પદ્ય લેખોની સમાલોચના કે તુલના કરવાનું યોગ્ય નથી. વાંચનાર દરેક જીવ પોતાના ક્ષયોપશમ અને વિકાસના–ગુણ-સ્થાનના જૂદા જૂદા ક્રમ–કક્ષા પ્રમાણે જૂદા જૂદા રૂચિવાળા હોય છે. કોઈને તત્ત્વ-જ્ઞાનમાં રસ હોય છે, કોઇને કથાનકમાં રસ હોય છે. કોઈને ભકિતભાવમાં પ્રેમ હોય છે, કોઇ કર્મયોગી હોય છે. કોઈને સમ્યક્ ચારિત્ર પસંદ હોય છે; અર્થાત ભિન્ન ભિન્ન રુચિવાળા વાચકો હોય છે. એટલે લેખોની તરતમતા સ્થાપવી તે ન્યાયપુર:સર નથી. એટલા જ ઉદ્દેશથી આ માસિકમાં તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, કથા, વ્યવહારિક ઉપદેશ, પૂરાતન શોધખોળ, ધર્મના ઉપદેશ વિગેરે સંબંધના લેખો પસંદ કરવામાં આવે છે. શ્રી કુંવરજીભાઇના લખાવેલ પ્રશ્નોતરો પણ યથાવકાશે મૂકવામાં આવે છે. ઉપરાંત બીજા પત્રોમાં આવતા ઉપયોગી લેખોને પણ ઉધ્ધૃત કરવામાં આવે છે. ટૂંકામાં માસિકને બની શકે તેટલું વિધવિધ દષ્ટિથી સમૃદ્ધ કર-વાનો ઉદ્દેશ રાખવામા આવ્યો છે. ગયા વર્ષના મંગળમય નૂતન વર્ષે અમે જે ભાવના કરી હતી કે વાંચન વિશાલ ઉદાત્ત અને સર્વદેશીય થવું જોઈએ, લેખનમાં નવી સર્જનતા હોવી જોઇએ, ચર્વિત ચર્વણ ન થવું જોઇએ. અમારી આ ભાવના સફલ થવાનો આધાર લેખકો ઉપર છે. અમારા લેખકો અમારી વિનંતિ ઉપરથી જૂદે જૂદે પ્રસંગે વિદ્વત્તાભર્યા લેખો લખી મોકલે છે, તે માટે તેઓનો ઉપકાર માનવાનો રહે છે. સાયન્સ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સમાજશાસ્ત્ર વિગેરેના આધુનિક કેળવણી લેનારાઓ યુનિવર્સીટીઓના ઉચ્ચ પદવી ધારણ કરનારાઓનો સાથ જોઇએ તેટલો મળતો નથી. તેવો સાથ મળતો રહે એવી અમારી વિજ્ઞપ્તિ છે.

પ્રાંતે આ નૂતન વર્ષમાં સર્વત્ર શાંતિ પ્રસરો, સર્વ જીવોનું કલ્યાણ થાઓ, મનુષ્યોમાં સ્વાર્થદ્રષ્ટિ ઓછી થાઓ, અને પરમાર્થદ્રષ્ટિ જાગો, રાગદ્વેષ, મોહ આદિ દોષોનો નાશ થાઓ અને લોકમાં સર્વત્ર સુખ પ્રવર્તો એ જ અભિલાષા.

જીવરાજ ઓધવજી દોશી

# 'પ્રભુસ્વરૂપ'

ઇશ્વરવાદ ( Theism ), ચૈતન્યવાદ ( Pantheism ), અદ્વૈતવાદ ( Absolutism ), અનેકઆત્મવાદ ( Pluralism ), વિગેરે માન્યતાવાળા દર્શનોમાં ઇશ્વિરનું જે સ્વરૂપ બતાવેલ છે, અને જીવાત્મા તથા પરમાત્માનો જે સંબંધ બતાવવામાં આવે છે, અને જૈનદર્શન પ્રમાણે પ્રભુનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તેની ટુંકાણમાં પણ સૂક્ષ્મ રીતે આ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજે આ લેખમાં વિવક્ષા કરેલ છે. આખો લેખ મનનપૂર્વક વાંચવા જેવો છે. ( જી. એ. )

સર્વોચ્ચ કોટીના વિશુદ્ધ આત્મા માટે પ્રભુ શબ્દ વપરાય છે, અને તેને કોઇપણ મત કે સંપ્રદાયવાળો વગર સંકોચે વાપરી શકે છે. માનવી મત કે સંપ્રદાયની માન્યતાને અનુસરીને સ્વરૂપવિકાસી આત્માઓને ભિન્ન ભિન્ન નામોથી ઓળખતા હોય છે અને તે નામો મતભેદના સૂચક પણ હોય છે; પરંતુ પ્રભુ શબ્દ કોઇપણ મત કે સંપ્રદાયનો સૂચક નથી. એટલે પ્રભુ શબ્દથી ભિન્ન ભિન્ન સંપ્રદાયવાળાઓ પોતે સમજી રાખેલા સ્વરૂપવાળા આત્માને સ્મૃતિમાં લાવી શકે છે, માટે પ્રભુ સર્વમાન્ય સામાન્ય નામ છે, તેવી જ રીતે પરમાત્મા અને ભગવાન પણ સર્વમાન્ય નામ છે.

દુનિયામાં પ્રભુ બે પ્રકારે ઓળખાય છે, અથવા તો પ્રભુની ઓળખાણ બે પ્રકારે થાય છે. એક તો અનાદિ કાળથી જ વિશુદ્ધ આત્મા કે જેને કોઇપણ સમયે અશુદ્ધિના અંશમાત્રનો સંસર્ગ થયો નથી, થતો નથી અને થશે પણ નહિં, ત્રણે કાળમાં વિશુદ્ધ એક વ્યક્તિવિશેષને પ્રભુ તરીકે ઓળખે છે. તે એક છે, સર્વત્ર સ્થળે છે અને નિત્ય છે. બીજી રીતે પ્રભુની ઓળખાણ આવી રીતે છે કે–પ્રભુ, એ કોઇ વ્યક્તિવિશેષનું નામ નથી પણ સંસારમાં અનાદિ કાળથી ભ્રમણ કરતા અનેક સમળ આત્માઓમાંથી જે જે આત્મા નિર્મળ થતો જાય છે તેને પ્રભુ કહેવામાં આવે છે, માટે પ્રભુ એ પદ છે પણ કોઇએક વ્યક્તિ નથી. આ પદને ધારણ કરવાવાળા અનેક આત્મા પ્રભુ હોઇ શકે છે અને તે આધારભૂત જે દેહમાં સર્વથા નિર્મળ થાય છે તે દેહના પ્રમાણમાં જ ઘનપણે અશરીર અવસ્થામાં ફેલાઇને રહે છે પણ સર્વત્ર સ્થળે વ્યાપ્ત થતા નથી. તે અનંત છે, વિશુદ્ધ છે અને સાદિઅનંત સ્વરૂપે નિત્ય છે.

અનાદિ કાળથી શુદ્ધ એક વ્યક્તિવિશેષ પ્રભુને ઓળખનારાઓમાંથી કેટલાક પરમાત્મા એક જ છે પણ તેમનાથી ભિન્ન જીવાત્મા અનેક છે એમ માને છે પણ તે જીવાત્માઓને પ્રભુ બનવાનું માનતા નથી; કારણ કે તેમનું એવું સમજવું છે કે–જીવાત્માઓ અનાદિ કાળથી શરીર ધારણ કરતા આવ્યા છે તે સર્વોચ્ચ દશામાં પણ સર્વથા દેહ રહિત થઇને પ્રભુ તુલ્ય બની શકે નહિં. શક્તિમાં અને જ્ઞાનમાં પણ પ્રભુથી ઉતરતા હોય છે. અર્થાત્ શક્તિ અને જ્ઞાન પ્રભુની અપેક્ષાએ ઘણા જ અલ્પ પ્રમાણમાં હોય છે, તેથી તેઓ

નિરાકાર પ્રભુનો સાક્ષાત્કાર કરી શકતા નથી. જ્યારે સર્વશક્તિમાન પ્રભુ ધર્મની અવનતિ અને અધર્મની ઉન્નતિ થાય છે ત્યારે અધર્મનો નાશ અને ધર્મને ઉન્નત બનાવવા સદેહ પૃથ્વી ઉપર અવતરે છે ત્યારે જીવાત્માઓ પ્રભુનો સાક્ષાત્કાર કરી શકે છે. અથવા તો કોઈ અંગત ભક્ત ઉપર પ્રસન્ન થઇને ભક્તને દર્શન આપવાના ઈરાદાથી સદેહ ભક્ત સન્મુખ આવે છે ત્યારે સાક્ષાત્કાર થઇ શકે છે, તે સિવાય તો મુક્ત દશાવાળો પણ જીવાત્મા નિરાકાર પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે નહિં.

જ્યારે અનાદિવિશુદ્ધ પ્રભુને કેટલાક પૂર્વોક્ત રીતે ઓળખે છે ત્યારે કેટલાક કહે છે કે–અનાદિ પ્રભુથી ભિન્ન દેહધારી જીવાત્માઓ જણાય છે તે તાત્વિક નથી પણ પ્રભુના જ પડછાયા છે, માટે સર્વવ્યાપી એક પ્રભુ સિવાય જીવ–અજીવ જેવી કોઇ વસ્તુ જ નથી. જેમ મોટા જળાશયમાં પાણીમાંથી પરપોટા ઊભા થાય છે તે ફુટીને પાછા પાણીમાં સમાઇ જાય છે તેમ સર્વવ્યાપી પ્રભુના જ સ્વરૂપમાં જણાતાં સચેતન દેહો જીવાત્મા તરીકે ઓળખાય છે પણ તે દેહોનો વિલય થાય છે ત્યારે શેષ પ્રભુસ્વરૂપ જ રહે છે. અથવા તો જેમ આકાશ સર્વવ્યાપી છે–અધેય છે. તેમાં ઘટ–પટ–મઠ–બાગ–બંગલા–હાટ–હવેલી આદિ જે કાંઇ દેખાય છે તે આકાશમાં ઊભા થયેલા છે માટે તે આકાશસ્વરૂપ છે, તેનો જ્યારે વિનાશ થાય છે ત્યારે શેષ આકાશ જ રહે છે કે જે અરૂપી છે અને અનાદિ સિદ્ધ છે, અને બીજી દૃશ્ય વસ્તુઓ ઉત્પત્તિ વિનાશવાળી છે માટે તાત્વિક નથી, તેવી જ રીતે પ્રભુ અનાદિશુદ્ધ આત્મા છે અને તે ઉત્પત્તિ વિનાશ રહિત છે માટે નિત્ય છે, નિરાકાર છે, માટે જ અદૃશ્ય છે, તેથી અપ્રત્યક્ષ છે. દૃશ્ય કાર્યોથી અનુમાનદ્વારા જાણી શકાય છે. તે દૃશ્ય જગતના આધારભૂત છે, જગત અદૃશ્ય મહાશક્તિનું પરિણામ છે તે મહાશક્તિ સત્ છે માટે શાશ્વત–નિત્ય છે, અને તે ચિત્ તથા આનંદસ્વરૂપ છે. જે ઉત્પત્તિ વિનાશવાળું છે તે ક્ષણિક છે, માટે અસત્ છે–અનિત્ય છે. અને જે અનિત્ય છે તે દૃશ્ય છે અને જે દૃશ્ય છે તે અનેક સ્વરૂપ છે માટે તે ભ્રાન્તિસ્વરૂપ છે તેથી જ તે અસત્ છે અને જે સત્ છે તે એક સ્વરૂપ છે માટે તે જ પ્રભુ છે.

આ પ્રમાણે અનાદિસિદ્ધ શુદ્ધ સ્વરૂપ એક પ્રભુ બે પ્રકારે ઓળખાય છે. અભિન્ન સ્વરૂપે ઓળખનાર જીવાત્માઓને પ્રભુથી અભિન્નપણે ઓળખે છે અને ભિન્ન સ્વરૂપે ઓળખનાર પ્રભુથી જીવાત્માઓને ભિન્ન માને છે. આ બંને પ્રકારની ઓળખમાં પ્રભુ તો અનાદિ કાળથી શુદ્ધ, નિરંજન, નિરાકાર, સર્વવ્યાપી, નિત્ય, પ્રેરક અને સચ્ચિદાનંદ સ્વરૂપ અદ્વિતીય જ રહેવાનાં કારણ કે કોઇ પણ જીવાત્મા પ્રભુસ્વરૂપ બનતો નથી માટે પ્રભુ અનેક હોઇ શકે નહિં. જ્યાં અભેદ છે ત્યાં તો જીવાત્મા પ્રભુ સ્વરૂપ છે એટલે તેને પ્રભુસ્વરૂપે બનવા જેવું કાંઇ છે જ નહિં. અને જ્યાં પ્રભુથી જીવાત્મા ભિન્ન ઓળખાય છે ત્યાં જીવાત્મા અને પરમાત્માનો અનાદિ કાળનો ભેદ છે તે ટળી શકતો નથી, કારણ કે જીવાત્મા અનાદિ કાળથી જ અશુદ્ધ છે માટે તે અલ્પ શક્તિવાળો છે. જે અનાદિથી જ અશુદ્ધ છે તે શુદ્ધ બની શકે નહિં તેમજ સર્વશક્તિમાન પણ થઈ શકે નહિં, માટે જે અનાદિશુદ્ધ છે તે જ સર્વ શકિતમાન છે અને તે એક પ્રભુ સિવાય ભિન્નપણે ઓળખાતો કોઇપણ જીવાત્મા હોઇ શકે નહિં.

બીજો પક્ષ કે જે પ્રભુને પદ તરીકે માને છે, તે અનાદિ સિદ્ધ એક જ શુદ્ધાત્મા છે એમ માનતો નથી, પણ જીવાત્માઓ અનેક છે અને તે અનાદિકાળથી અશુદ્ધ છે. ક્રમે કરીને તે આત્માઓ સર્વથા શુદ્ધ થઇને પ્રભુપદને પ્રાપ્ત કરે છે. તે અનાદિકાળથી જ શુદ્ધ થતા આવ્યા છે એટલે અનંત શુદ્ધાત્માઓમાં આ આત્માએ પ્રથમ શુદ્ધિ મેળવી છે એવો ભેદ પાડી શકાય નહિં. અર્થાત્ ભૂતકાળમાં કોઇ એવો સમય ન હતો કે જે વખતે એક પણ શુદ્ધાત્મા ન હોય અને અશુદ્ધ આત્માઓમાંથી શુદ્ધ થવાની શરૂઆત થઇ હોય. અનાદિ કાળથી જ શુદ્ધાત્માઓ છે અને તેઓ પરિમિત આકાશપ્રદેશમાં વ્યાપ્ત થઇને રહ્યા છે, માટે સર્વવ્યાપી નથી. સ્વરૂપે એક હોવા છતાં પણ અનંતા છે. જ્ઞાનમાં તથા શકિતમાં બધાય સરખા છે. તે પ્રેરક નથી પણ પ્રકાશ પ્રકાશક છે. અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-જીવન-સુખ તથા આનંદસ્વરૂપ છે. પ્રથમ આત્માની અશુદ્ધ દશામાં અનંત જ્ઞાનાદિ તિરોભાવે રહેલાં હોય છે તે જેમ જેમ શુદ્ધિ થતી જાય છે તેમ તેમ પ્રગટ થતાં જાય છે. તે સંપૂર્ણ શુદ્ધિ થવાથી સંપૂર્ણ પ્રગટ થાય છે. અર્થાત્ આત્માની અનંતી શકિત તથા ગુણોનો વિકાસ થાય છે. વર્તમાનમાં જેટલા સિદ્ધાત્મા પ્રભુ તરીકે ઓળખાય તે બધાય પ્રથમ અશુદ્ધ હતા અર્થાત્ અનંતા શુદ્ધાત્માઓ અશુદ્ધથી શુદ્ધ થયેલા છે. એક એવો કોઈ પણ શાશ્વત શુદ્ધાત્મા નથી. ભલે અતીત અનંત કાળે શુદ્ધ કેમ ન થયો હોય તો પણ તે પ્રથમ તો અશુદ્ધ હતો તે પછીથી શુદ્ધ થયો છે, માટે જે આવી રીતે માને છે કે પ્રભુ એ શુદ્ધાત્માની પદવી છે તે અનાદિ અશુદ્ધ પણ શુદ્ધ થઇ શકે છે એમ માને છે. જ્યાં સુધી આત્મા અશુદ્ધ હોય છે ત્યાં સુધી સક્રિય હોય છે, માટે તે કોઈ પણ આકારવાળા સૂક્ષ્મ કે સ્થૂળ દેહ વગર રહી શકતો નથી. અનેક પ્રકારના દેહોમાં માનવ દેહ પણ એક પ્રકારનો દેહ છે. તેમાં રહેનાર આત્માનું કાંઇ ને કાંઇ નામ હોય છે. જે માનવ દેહમાં પ્રભુ પદ મેળવે છે તે દેહના નામથી પ્રભુ તરીકે ઓળખાય છે. અને તે દેહનો વિલય થયા પછી કેવળ પ્રભુ પદથી ઓળખાય છે. જ્યાં સુધી સદેહ પ્રભુ રહે છે ત્યાં સુધી અશુદ્ધ આત્માઓને પોતે અનુભવેલો આત્મશુદ્ધિનો માર્ગ બતાવે છે જેને આચરીને બીજા અશુદ્ધ આત્માઓ શુદ્ધ થઇને પ્રભુ પદને મેળવે છે. સંસારમાં આસ્તિક કહેવાતા માનવી માત્ર કોઇ ને કોઇ સ્વરૂપે પ્રભુને માને છે. જ્યાં માનવીની બુદ્ધિ અને શકિત કામ ન કરી શકતી હોય તેવા સર્જનમાં પ્રભુનું અસ્તિત્વ ઝળકે છે. તે સિવાય તો સર્વશકિતમાન પ્રભુ કેવી રીતે ઓળખાય ? એમ અનાદિસિદ્ધ એક જ પ્રભુને માનનારા કહે છે. અનેક પ્રભુને માનનાર સૃષ્ટિના સર્જનમાં પ્રભુના સંકેતને માનતા નથી. પણ કર્મ અથવા તો પ્રકૃતિગ્રસ્ત અશુદ્ધ આત્માઓની પ્રવૃત્તિનું પરિણામ માને છે. શુદ્ધાત્માઓ અક્રિય છે માટે સક્રિય કયાંય પણ ભાગ લઇ શકતા નથી. તેઓ જે સ્થિતિ અને સ્થાનમાં છે ત્યાંથી ભાવી અનંતાકાળે પણ જરાય આઘા પાછા થઇ શકતા નથી. તેમનું ભાવી અનંતરકાળનું અસ્તિત્વ કોઇ પણ જીવાત્માઓની ઉન્નતિ કે અવનતિમાં પ્રેરક બની શકતું નથી તેમજ કોઇ પણ પ્રકારનું વિશિષ્ટ કાર્ય અલ્પજ્ઞોની બુદ્ધિમાં અસ્તિત્વની ભાવના લાવી શકતું નથી, માટે સર્વજ્ઞોના બોલાયલા અથવા તો લખાયલા વચનો ઉપર વિશ્વાસ રાખ્યા સિવાય સાદિઅનંત શુદ્ધાત્માઓ મનોવૃત્તિમાં સ્થિર રહી શકતા નથી.

દુનિયા સર્વશક્તિમાન એક જ પ્રભુ છે એમ માને છે. તેમનામાં દ્વૈતવાદી પ્રભુને જગન્નિયંતા માને છે માટે તેઓ જીવિત-મરણ-યશ-અપયશ, સુખ-દુઃખ આદિમાં પ્રભુની ઇચ્છાને પ્રધાનતા આપે છે. જીવાત્મા પ્રયત્ન કરી શકે પણ ધાર્યું મેળવી શકે નહિ. ધાર્યું મેળવવામાં પ્રભુની પ્રસન્નતાની જરૂરત છે. આપત્તિ વિપત્તિ દૂર કરીને સુખ-સંપત્તિ પ્રાપ્ત કરવામાં પ્રભુની દયા કામ આવે છે. માનવ જીવનમાં આવેલા દુઃખ-સંતાપ-કલેશ-કંગાળીયત આદિ ગાળવાને અને આવતાં ટાળવાને પ્રભુભક્તિ તથા સ્મરણ ઉપયોગી છે. ભક્તો ત્રિવિધ તાપ દૂર કરીને જન્મ-જરા-મરણમાંથી પ્રભુ બચાવી શકે છે. અને કરગરવાથી કરેલા અપરાધોની માફી આપી શકે છે. સુગતિ પણ પ્રભુની આપેલી જ મળી શકે છે. પ્રભુનો અનાદર કે અપમાન કરવાથી માનવીને દુઃખ ભોગવીને દુર્ગતિમાં જવું પડે છે તેમાં પણ પ્રભુની જ પ્રેરણા છે. ઇત્યાદિ બાબતોમાં પ્રભુના સામર્થ્યને જ પ્રધાનતા આપવાથી દુનિયા પ્રભુને ભજે છે, તેમની ભક્તિ કરે છે, ઉપાસના કરે છે.

પ્રભુતા સિવાય પ્રભુ કહેવાય નહિં અને તે પ્રભુતા જીવાત્માઓના કાર્યમાત્રમાં તથા સંસારની વિચિત્રતામાં પ્રભુના સામર્થ્યને અવકાશ ન હોય તો બીજી કોઇપણ રીતે જાણી શકાતી નથી. અર્થાત્ એક સુખી એક દુઃખી, એક રાજા એક રંક ઇત્યાદિ સંસારની વિચિત્રતામાં તથા માનવીની શક્તિથી બાહ્ય અને બુદ્ધિથી અગમ્ય સંસારના વિચિત્ર દશ્યોમાં પ્રભુનો સંકેત ન હોય તો પ્રભુનું અસ્તિત્વ જાણવાને બીજું કયું સાધન હોઇ શકે? કયા પ્રમાણથી પ્રભુનું અસ્તિત્વ જાણી શકાય? તેમજ પ્રભુ કાંઇપણ કરી શકતા ન હોય તો તેમનું સ્મરણ કે ઉપાસના કરવાનું પ્રયોજન શું? માટે પ્રભુ સર્વશક્તિમાન-દયાળુ-ન્યાયી તથા જગન્નિયંતા છે. સહુ કોઇને તેમના કર્તવ્ય પ્રમાણે શુભાશુભ ફળ આપે છે. આવી માન્યતા હોવાથી જ દુનિયાનો મોટો ભાગ પ્રભુની ભક્તિ તથા સ્મરણ કરે છે અને પાપકૃત્યો કરતાં બ્હીયે છે. તેમજ સજા ભોગવવાના ભયથી પ્રભુનો અપરાધી બનતો નથી.

જીવાત્મા શુદ્ધાત્મા થઇને પ્રભુ બની શકે છે, અને તે અનેક છે એમ માને છે. તે કહે છે કે જ્યાં સુધી કરવાપણું હોય છે ત્યાં સુધી તે ઉપાધિવાળો જીવાત્મા કહેવાય છે: પણ સર્વથા શુદ્ધ પરમાત્મા કહેવાય નહિં. બધાય કાર્ય પૂરા કર્યા પછી જ શુદ્ધાત્મા બની શકે છે. જ્યાં સુધી કાંઇપણ કરવાનું બાકી હોય છે ત્યાં સુધી દેહની જરૂરત પડે છે અને જ્યાં સુધી દેહ હોય છે ત્યાં સુધી આત્મા સર્વથા શુદ્ધ કહેવાય નહિં, માટે જો પ્રભુ કર્તા હોય તો તેમને દેહની જરૂરત પડે છે કારણ કે તે સિવાય તો કોઇપણ ક્રિયાનો સંભવ હોય નહિં અને ક્રિયા સિવાય તો આપવું, બનાવવું આદિ કોઇપણ કાર્ય બની શકે નહિં. એ હેતુથી સર્વથા શુદ્ધાત્મા કૃતકૃત્ય હોવાથી તેમને કાંઇ પણ કરવાનું બાકી હોતું નથી. સંસારમાં અનંતા જીવો છે. તે અનાદિ કાળના કર્મના સંસર્ગને લઇને અનેક વિચિત્ર દશ્યો ઉત્પન્ન કરે છે. વિચિત્ર પ્રકૃતિવાળા કર્મોના સ્વભાવથી જીવાત્માઓની અનેક પ્રકારની અવસ્થાઓ દષ્ટિગોચર થાય છે. તેમાં સર્વથા શુદ્ધાત્મદશાવાળા આત્માઓની પ્રેરણાની કાંઇપણ જરૂરત નથી. બીજું શુદ્ધાત્માઓ અશરીરી હોવાથી અક્રિય છે એટલે પ્રેરક બની શકતા નથી પણ સંસારમાં જડસક્રિય હોવાથી તે પ્રેરક બની શકે છે. આત્માને સ્વર્ગમાં અને નરકમાં લઇ જનાર કર્મ છે. આત્મા કર્મની પ્રેરણાથી સંસારમાં ભમે છે.

સુખ દુઃખ ભોગવવામાં પણ સક્રિય જડની પ્રેરણા છે. સંસારની જેટલી વિચિત્રતા દેખાય છે તેનો કર્તા અવશ્ય છે, પણ તે પ્રભુ નથી પણ કર્મ સ્વરૂપી જડ છે. જીવાત્માને કર્મની પ્રેરણા થાય છે એટલે જીવ કર્મના પરિણામરૂપ વિચિત્રતા ઉત્પન્ન કરે છે. લાભ–અલાભ, જીવિત–મરણ, સુખ–દુઃખ આદિ કર્મ પરિણામ છે. આત્મસ્વભાવમાં આમાંનું કશુંય નથી. છતાં મોહના અનાદિ સંસર્ગથી આત્મામાં આભાસ માત્ર થાય છે. રસાયન (chemicals) ચોપડેલા કાચ (પ્લેટ) ઉપર અનેક આકૃતિઓ (ફોટા) પડે છે, તે કાચ ઉપર નહિં પણ ચોપડેલા રસાયન ઉપર પડે છે છતાં મનાય છે કાચ ઉપર; પણ તે રસાયન સર્વથા ઉખડી ગયા પછી જ્યારે કાચ સ્વચ્છ થાય છે ત્યારે તેના ઉપર કોઈ પણ આકૃતિ પડતી નથી, તેમ આત્મા તો સ્વચ્છ કાચ જેવો છે, પણ અનાદિ કાળથી રાગ–દ્વેષ, મદ–મોહ આદિ કર્મના મસાલાથી લેપાયેલો હોવાથી લાભાલાભ, સુખદુઃખ આદિ અનેક અવસ્થાઓ દૃષ્ટિગોચર થાય છે તે આત્મપરિણામ નથી, પણ રાગદ્વેષાદિના પરિણામરૂપ છે. તે જ્યારે સર્વથા ઉખડી જાય છે ત્યારે આત્મા સ્વચ્છ થવાથી કોઇ પણ આકૃતિ–વિકૃતિને અવકાશ રહેતો નથી. માટે સુખ–દુઃખાદિ કર્મ પરિણામ છે તેમાં પ્રભુની પ્રેરણા નથી. ચારે ગતિમાં ભ્રમણ કરવામાં જડ સ્વરૂપ કર્મ કારણ છે. લોહચુંબકપાષાણ અને લોઢું બંનેમાં આકૃષ્ય-આકર્ષક સ્વભાવવાળા પુદ્ગલો હોવાથી લોઢાને લોહચુંબકપાષાણ ખેંચે છે તેમ ઉત્પત્તિ સ્થળના પુદ્ગલો અને આત્મ સંસર્ગિત કર્મપુદ્ગલોમાં આકૃષ્ય–આકર્ષક સ્વભાવ હોવાથી જડાત્મક પુદ્ગલો કર્મપુદ્ગલોને આકર્ષે છે તે કર્મની સાથે ઓતપ્રોત થયેલો આત્મા સોયમાં પરોવેલા દોરાની જેમ આકર્ષાય છે અને ઉત્પત્તિસ્થાનમાં જઈને કર્મની પ્રેરણાથી કર્મના પરિણામરૂપ દેહાદિને ઉત્પન્ન કરે છે. સુખ–દુઃખ આદિ પણ પુન્ય–પાપના સંકેતને ધારણ કરવાવાળા પુદ્ગલોના આકર્ષણથી તથાપ્રકારના પુદ્ગલો આકર્ષાઇને અનુકૂળ–પ્રતિકૂળપણે સંબંધિત થાય છે જેથી સુખ–દુઃખાદિની અવસ્થાઓ કર્મપરિણામ હોવા છતાં પણ આત્માની કહેવાય છે, તેમાં સર્વથા શુદ્ધ અક્રિય પરમાત્માની પ્રેરણાને અવકાશ જ નથી. પ્રભુનો અનાદર કે અવજ્ઞા થઈ શકતી નથી પણ તથાપ્રકારના પરિણામને લઇને સકર્મક આત્મા કર્મની પ્રેરણાથી કર્મના કાર્યરૂપ પ્રભુના અનાદરપણે ઓળખાતી પ્રવૃત્તિ કરે છે જેથી અધોગતિપણે ઓળખાતા ઉત્પત્તિ સ્થળોમાં રહેલા પુદ્ગલોને આકર્ષવા યોગ્ય જડાત્મક પુદ્ગલો કર્મસ્વરૂપે પરિણત થાય છે એટલે આત્મા તે સ્થળે જઇને ઉત્પન્ન થાય છે તેમાં પ્રભુની જરાય પ્રેરણા નથી. પૌદ્ગલિક સુખના સાધનો સર્વથા જડ સંસર્ગવિમુક્ત પ્રભુ આપી શકતા નથી, પણ પુન્યકર્મના આકર્ષણથી આવી મળે છે. દુઃખના માટે પણ આવી જ વ્યવસ્થા છે.

આ પ્રમાણે સંસારની વિચિત્રતામાં સક્રિય જડની પ્રેરણા હોવા છતાં અને કર્મપરિણામ અથવા તો અન્ય સ્વરૂપે સંગઠિત થયેલા જડનું પરિણામ હોવા છતાં પણ અનાદિકાળના જડના સંસર્ગને લઇને આત્મામાં આરોપ કરવામાં આવે છે માટે તે તાત્ત્વિક નથી. તેવી જ રીતે અક્રિય સર્વથા શુદ્ધાત્મ સ્વરૂપ પ્રભુની પ્રેરણા કે સંકેત પણ નથી; પણ તે કર્મ તથા આત્માના અનાદિ સંયોગનું પરિણામ છે.

# ઉપયોગી જીવન

લેખકઃ—ચતુર્ભુજ જેચંદભાઈ શાહ

સ્વપર કલ્યાણની દૃષ્ટિએ ઉપયોગી જીવન જીવવાની મનુષ્યમાં જેટલી શક્તિ અને શકયતા છે તેટલી બીજા કોઈપણ પ્રકારના જીવોમાં નથી. આ સંસારની ચારે ગતિમાં ભવભ્રમણ કરવાનો અધિકારી મનુષ્ય છે, અને ઉત્તરોત્તર અશુભ કર્મોના ત્યાગ અને શુભ કર્મોની વૃદ્ધિથી છેવટ સર્વ કર્મના ક્ષયદ્વારા ભવ-ભ્રમણનો અંત લાવી મોક્ષરૂપ પંચમ ગતિમાં જવાનો અધિકારી પણ મનુષ્ય જ છે. મનુષ્યોમાં જે ઘણા થોડા સાધુઓ હોય છે તેમની જીવનપ્રવૃત્તિ મુખ્યત્વે આત્મ–લક્ષી હોવાથી અહીં તેમને માટે વિચારવાનું નથી. મનુષ્યોનો બાકીનો ભાગ જે ગૃહસ્થ વર્ગનો બનેલો છે તેને આ જગતની દરેક સારીનરસી પ્રવૃત્તિ સાથે સીધો અથવા આડકતરો સંબંધ રહેલો છે તે દરેક જ્ઞાનવંત મનુષ્યે વિચારવું આવશ્યક છે. સર્વ જીવોમાં મનુષ્ય એક જ એવું પ્રાણી છે કે જે તેના જ્ઞાન–ચારિત્રબળથી પોતાનું તથા બીજાનું હિત કે અહિત શેમાં રહેલું છે તે વિચારી સાધી અને ત્યાગી શકે છે અને તે અનુસાર જીવનપ્રવૃત્તિ યોજી શકે છે. ધાર્મિક પ્રવૃત્તિદ્વારા તે જે થોડુંક તત્વચિંતન અને આત્મહિત સાધે છે, તે સિવાય મનુષ્ય પ્રવૃત્તિ ઘણુંખરું સાંસારિક સુખદુઃખના કાર્યમાં જાણે અજાણે યોજાયેલી રહે છે. તે માટે જે કાંઇ જ્ઞાન અને શરીરાદિક શક્તિ મળ્યા હોય તે દ્વારા જીવનનિર્વાહના સાધન માટે દ્રવ્યોપાર્જન કરવા વેપાર, ધંધા, નોકરી, મજૂરી, હુન્નર, ઉદ્યોગ વિગેરે વ્યવસાય કરવો, સ્ત્રીકુટુંબાદિક સંબંધો બાંધવા નભાવવા, દેશ પરદેશ મુસાફરી કરવી, વિશેષ શક્તિ હોય તો ગામ શહેર જેવા પરદેશના શારીરિક, સામાજિક, આર્થિક, રાજકીય પ્રશ્નો વિચારવા અને તે અંગેની સેવાની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા વિગેરે અનેક જાતની પ્રવૃત્તિઓમાં મનુષ્ય રોકાએલો રહે છે. આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ પણ અત્યારના જગત વ્યવહારમાં મનુષ્ય જીવનની સ્વકીય તેમજ બીજી પ્રવૃત્તિઓ અગાઉના કોઈપણ કાળ કરતા અનેકગણી વધી છે, અને મનુષ્યો કેટલીક વાર ગમે તેટલા દૂર અંતરે રહેલા હોય છતાં એક બીજાને થોડા વખતમાં થોડીઘણી ગંભીર અસર કરતા થઈ પડે છે. જૈન સિદ્ધાંતમાં કહેલ છે કે અવિરતિ એટલે સતત પ્રવૃત્તિના પરિણામે દરેક જીવની દરેક પ્રવૃત્તિ અત્યારની દુનિયા ઉપરાંત ચૌદ રાજલોકને સ્પર્શે છે. તત્વચિંતનના એ ગંભીર વિષયની અહીં વિચારણા નહિ કરતા આપણે તો આ સ્થૂલ જગત અને તેમાં પણ મુખ્યત્વે આ મનુષ્ય લોકના વ્યવહારના સુખ દુઃખનો વિચાર કરવાનો છે. જીવ માત્રને સુખ જોઈએ છે અને તે સુખનાં સાધનો મેળવવા માટે અને તેમાં અડચણ કરતા દુઃખ અને દુઃખનાં કારણોના નિવારણ માટે તે સતત પ્રવૃત્તિ કરતો રહે છે. જીવ માત્રની આ પ્રાથમિક દશા છે અને બધી જ્ઞાનેંદ્રિયો યુક્ત મનુષ્યમાં તે વિશેષ સ્પષ્ટ રીતે જોવામાં આવે છે.

તેનો જ્ઞાન વિકાસ સમ્યક્ત્વ સહિત અથવા આત્મ-લક્ષી થાય નહિ ત્યાં સુધી મનુષ્ય પૌદ્ગલિક અથવા ઇંદ્રિયાદિક સુખસાધનમાં સુખ અને તેથી વિરુદ્ધના કારણમાં દુઃખ માને-અનુભવે છે. જ્યાં સુધી અમુક અંશે તેમાં તેને સફળતા મળે નહિ ત્યાં સુધી તેનો આત્મા સંતોષ-તૃપ્તિ અનુભવતો નથી અને તેથી પૌદ્ગલિક સુખને બદલે તેના આત્મ-હિત માટે ગમે તેટલો ઉપદેશ આપવામાં આવે છતાં તેનો આત્મા જાગૃત થતો નથી. એટલે જૈન ધર્મમાં આત્મવિકાસ માટે સમ્યક્ત્વાદિ વિશેષ ગુણોની પ્રાપ્તિ પહેલા તેણે માર્ગાનુસારીપણાના ગુણોનું ધારણ કરવાનું જરૂરી માન્યું છે. જેથી મનુષ્ય પોતાની તેમજ કુટુંબાદિક બીજાની સુખસાધન માટેની પ્રવૃત્તિમાં બીજા મનુષ્યો અને જીવોને જેમ બની શકે તેમ ઓછો દુઃખરૂપ થાય. તે માટે વિશેષ ગુણ-સંપાદન શકય હોય તે ઉપરાંત ગૃહસ્થ જે કાંઇ સુખવૈભવ મેળવે તે ન્યાયસંપન્ન દ્રવ્યથી હોવાનું અને તે જે કાંઇ પ્રવૃત્તિ કરે તેમાં હિંસાદિક પાપકાર્યનો ડર રાખવાનું જરૂરી છે.

દરેક મનુષ્યે પોતે જ વિચારવાનું છે કે જે કાંઇ ધન-માલ-મીલ્કત મેળવે છે તેમાં તે બીજા કોઇને અન્યાય દુઃખ ઉત્પન્ન કરે છે ? પોતે જે કાંઇ હુન્નર ઉદ્યોગ ધંધો ચલાવતો હોય તેમાં તેના નોકરો મજૂરોને ભૂખમરો કે ત્રાસ વેઠવા પડે છે કે તેમના શરીરાદિકને નુકશાન થાય છે ? તેના મોટા આરંભ સમારંભને કારણે મોટી જીવહિંસા થાય છે ? તેના કોઇ કામધંધાથી સમાજમાં એકંદર લુચ્ચાઈ લફંટાઈ સ્ત્રીજાતિ વિષયક અને બીજી અનીતિ વધે છે ? અનાજ કાપડ વિગેરે આજના જીવનની અનેકવિધ જરૂરીયાતોની ચીજ વસ્તુનો સંગ્રહ કાળા બજાર અને નફાખોરી કરી તે બીજાને દુઃખ-ત્રાસરૂપ થાય છે ? સમાજ અને રાજ્યના કાયદા-કાનૂન વિરુદ્ધ તેવો ધંધો વેપાર ચાલુ રાખવા તે નાના મોટા અમલદારોને લાંચ રૂશ્વત આપે છે ? પૂર્વાનુભવથી લડાઇના સંકટનો લાભ લેવા તે એક બીજા દેશો વચ્ચે યુદ્ધ ઇચ્છે છે કે તેની રાહ જોવે છે ? વિગેરે બાબતો એવી છે કે ધર્મપ્રિય માણસે પોતે જ વિચારીને તેવી પ્રવૃત્તિ કાં તો આદરવી જ નહિ અને કદાચ થઇ ગઇ હોય તો તેમાંથી જલ્દી નિવૃત્ત થઇ જવું જોઇએ. ગમે તે રીતે પોતાની પાસે જે કાંઈ દ્રવ્ય એકઠું થયું હોય તે કદાચ મોટર બંગલાના મોજશોખો, મહેફીલો માટે પૂરતું ન હોય છતાં સુખી જીવનનિર્વાહ પૂરતું હોય તો તેમાં સંતોષ માની તેવી પાપકારી અને બીજાને દુઃખદાયક ધંધા પ્રવૃત્તિ છોડી દેવી જોઇએ. ઉપરાંત શકય હોય તેમ તેવી રીતે ઉત્પન્ન થતી અને વેચાતી ચીજ વસ્તુનો વપરાશ બંધ અથવા ઓછો કરવો જોઇએ. જીવનને પ્રવૃત્તિમય રાખવા માટે બીજા ન્યાયી પ્રમાણિક ધંધાક્ષેત્ર તરફ દષ્ટિ દોડાવવી જોઇએ, અથવા યથાશક્તિ ધર્મ, સમાજ અને દેશસેવાના કાર્યમાં પ્રવૃત્ત થવું જોઇએ. આ બાબત અત્યારે તો ઘણીખરી ઊલટી સ્થિતિ વર્તે છે. તેમાં ધર્મો-પદેશ કે તેની અસર બહુ ઓછી દેખાય છે. ઊલટું દાનાદિક અને બીજા ધર્મ-કાર્યમાં અન્યાય અનીતિથી મેળવેલા અને તેવા ચાલુ રાખેલા ધંધાની અઢળક

સખત શી રીતે કરી લેવા તે માટે પ્રયત્ન કરે છે. અને નિયમોના બંધનમાં પોતે જકડાઇને જ ઇષ્ટ ફલની મુક્તિ મેળવી શકે છે. જગતનો બધો વ્યવહાર ચાલે છે તેમાં અમુક બંધનો તો પગલે પગલે પાળવા પડે છે. તે બંધનોથી જરા પણ છૂટા થયા એટલે તરત જ અથડામણ ઉત્પન્ન થાય છે. અર્થાત્ દુઃખથી મુક્ત રહેવું હોય તો તેવાં અનેક બંધનો મનુષ્યે પોતાના હાથે કરી લેવા પડે છે. જે એવા બંધનોથી દૂર રહે છે તે સ્વચ્છંદી કહેવાય છે. તેને પોતાને તો વેઠવું પડે છે જ પણ બીજાને પણ કંટાળો ઉપજાવનારો બને છે. અર્થાત્ બંધન વગર તેને સ્વાતંત્રતાનો આનંદ ઉપભોગવાનો અધિકાર નથી.

જ્યારે સામાન્ય બાબતોમાં નિયમબદ્ધતા રાખવા માટે જગતમાં આટલો બધો આગ્રહ રાખવામાં આવે છે ત્યારે આત્માને સ્વતંત્ર અર્થાત્ મુક્ત કરવા માટે કેટલા બંધનોના પારા પોતાની આસપાસ નિર્માણ કરવા પડે તેમ છે એ વિચારવા જેવો એક પ્રશ્ન છે.

આત્મા હાલમાં પરવશ છે. એણે ભૂલમાં અનેક જાતના કુપથ્ય સેવી અસંખ્ય કર્મના પર્વતપ્રાય સમૂહો એકઠા કરેલ છે, એ ઇંદ્રિયોને તાબે પડેલો છે, મોહના અનંત સમૂહની વચમાં એને વિચરવું પડે છે. એને છૂટો થવા માટે જરાપણ અવકાશ ન મળે એવો જાણે પાકો બંદોબસ્ત કરી રાખેલો હોય એવી પરિસ્થિતિ ઉત્પન્ન થએલી ત્યારે તેમાંથી મુક્તિ મેળવવી એ નાનીસૂની વાત ન કહેવાય. એના માટે તો ભગીરથ પ્રયત્નો પણ ઓછા જ કહી શકાય !

આપણા મન ઉપર, વચન ઉપર અને શરીર ઉપર આપણે આકરા બંધનો મૂકવા પડે અને આપણા મનમાં કૂડા વિચારો પણ ઉત્પન્ન ન થાય, બોલવામાં કોઈને જરા પણ દુઃખ ઉત્પન્ન ન થાય તેમ જ આપણા આચારમાં પણ ખૂબ સંયમ રાખવો પડે કે જેથી અન્યને અડચણ ન થાય ત્યારે તે માર્ગમાં આપણે કાંઇક પ્રગતિ કરી કહેવાય. આ બધું કરવા માટે આપણા શાસ્ત્રકારોએ નિયમબદ્ધ આચારની પ્રણાલિકા નિર્માણ કરેલી છે. તે પ્રણાલીના બંધનોથી આપણે પોતાને બદ્ધ કરી લેવા માટે જેટલા પ્રયત્નો કરીશું તેટલા થોડા જ કહેવાય. કારણ કાર્ય અત્યંત મોટું છે, આપણો માર્ગ કંટકમય છે, તેમાં અસંખ્ય કાંટા પાથરેલા છે. તે બધાઓને વટાવી સીધે માર્ગે જવું રહ્યું. એ માટે આપણો બધો કાર્યક્રમ નિયમબદ્ધ કરી નાખવો જોઇએ. આપણા નિત્ય વ્યવસાયમાં આપણે તેમ ન કરી શકીએ તો આપણે તેથી દૂર દોડી જવું જોઇએ. નિવૃત્તિના સ્થાનની શોધ કરવી જોઇએ અને એમ કરી આત્માને મુક્ત કરવા માટે નવા નવા બંધનો શોધવા જોઇએ. એટલા માટે જ તો અમો કહીએ છીએ કે-**બંધનમાં જ મુક્તિ રહેલી છે.**

સંતપુરુષોએ એ માર્ગ શોધ્યો છે. તેઓ નિષ્કંટક માર્ગથી વિચરે છે. આપણે પણ તેનો માર્ગ શોધી તેમના જ પગલે કેમ ન ચાલીએ?

**શ્રી બાલચંદ હીરાચંદ-માલેગામ**

# બંધનમાં જ મુક્તિ

વાસ્તવિક રીતે જોતાં બંધનો તૂટવાથી જ મુક્તિ થવાનો સંભવ હોય છે. બંધનથી તો મુક્તિ દૂરની દૂર જ રહેવાની. એવી વાસ્તવિક સ્થિતિ છતાં અમો બંધનમાં જ મુક્તિ કહીએ છીએ ત્યારે તેનો હેતુ કાંઈ જુદો જ હોવો જોઈએ, એ ખુલ્લી વાત છે. આ લેખનો હેતુ એ મુદ્દો જ વિશદ કરવાનો છે.

કોઈ ભાવિક માણસ અમુક દિવસ માટે કાંઈક રકમ વાપરવાની અગર અમુક અનુષ્ઠાન કરવાની આખડી લે છે ત્યારે તે કહે છે કે, મને તો અમુક વસ્તુ વાપરવા માટે કે અમુક અનુષ્ઠાન કરવા માટે બંધી છે, અર્થાત્ મેં મારા ઉપર અમુક જાતનું બંધન પોતાની મેળે વ્હોરી લીધેલ છે અને મારું એ બંધન અમુક દિવસે છૂટશે એટલે હું મોકળો અર્થાત્ મુક્ત થઈશ; પણ એ માન્યતા કેટલી ખોટી છે તે આપણે જોઈએ. વાસ્તવિક રીતે જોતાં જ્યાં સુધી એ બંધનમાં હતો ત્યાં સુધી જ એ કર્મના બંધનથી મુક્ત હતો. એ જ્યારે પોતાના નિયમના બંધનથી છૂટો થાય છે ત્યારથી તે નવા બંધનોના પાશમાં સપડાય છે. એટલે એની આખડીની મુક્તિ તે જ એના બંધનના કારણભૂત થાય છે.

દેશની મુક્તિ માટે દેશને કેટલાએક બંધનો પોતા ઉપર લાદી લેવા પડે છે, ત્યાગ માટે તૈયાર થવું પડે છે. છેવટ પ્રાણાર્પણ સુધીનો ત્યાગ કેળવવો પડે છે ત્યારે જ મુક્તિની કલ્પના સિદ્ધ થવાનો સંભવ રહે છે. પોતા ઉપર બંધનો વ્હોરી લીધા વિના મુકિતની આશા શી રીતે રાખી શકાય? રોગી જ્યારે પથ્યનું બંધન પોતા ઉપર પૂરી રીતે કસી કસીને સખ્ત રીતે બાંધી લે છે ત્યારે જ તે રોગથી મુક્ત થઈ શકે છે. બંધનો નહીં રાખતા ગમે તે ખાય પીવે તો રોગથી શી રીતે મુકત થાય? અર્થાત મુકિતના માટે બંધનની જરૂર અવશ્ય સ્વીકારવી જ પડે છે. સમાજની સુધારણા કરવી હોય છે ત્યારે સમાજને અમુક નિયમોરૂપે બંધનો તો અવશ્ય પાળવા જ પડે છે. ચાલે છે તેમ મુક્ત રીતે ચલાવે રાખે તો સુધારો અર્થાત્ અનવસ્થાથી મુકિત શી રીતે મેળવી શકે?

એકાદ સભા થાય ત્યારે સભાના નિયમોનું બંધન તો સભાસદો પોતા ઉપર ધારી જ લે છે; એટલું જ નહી પણ જો બંધનો જરા શિથિલ હોય તો તે ઊલટા

---

કમાણીના પૈસાનો મોટે ભાગે ઉપયોગ થઇ રહ્યો છે. ધર્મને નામે એક રીતે દેનાર અને લેનાર બંને એક બીજાને જાણે–અજાણે છેતરવાનું કાર્ય કરી રહેલ છે. આપત્તિ કાળમાં કેટલાક દોષ અપરિહાર્ય બને છતાં આ વિષમ સ્થિતિમાં દરેક વિચારવંત મનુષ્યે પોતે જ ઉપયોગ રાખીને વર્તવાનું છે. કોઇનો ખોટો દાખલો નહિં લેતાં પોતાના જ સારા આચરણ–દષ્ટાંતથી સમાજને ઉપયોગી થવાનું છે. આ નૂતન વર્ષથી સર્વ કોઈ એ ધ્યાનમાં રાખી વર્તે તેવી આશા ને વિનતિ છે.

શ્રી આનંદઘનજીનું

# દિવ્ય જિનમાર્ગદર્શન

( ૨૧ )

( ગત વર્ષના પૃષ્ઠ ૩૨૮ થી શરૂ )

**પથિક**—મહાત્મન્ ! કાળલબ્ધિના, પરિપાકનો સદુપાય શો ? તે કૃપા કરી સમજાવો.

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય ! વીતરાગ સત્પુરુષની **આજ્ઞાનું અપ્રમત્તપણે આરાધન** એ જ એનો મુખ્ય ઉપાય છે, અને તે આજ્ઞાના બે પ્રકાર **છે–દ્રવ્ય અને ભાવ**, તે તે દ્રવ્ય–ભાવ આજ્ઞા–આરાધનનું જીવનું અધિકારીપણું જેમ જેમ વધે, તેમ તેમ કાળલબ્ધિનો પરિપાક નિકટ આવતો જાય છે.

**પથિક**—યોગિરાજ ! દ્રવ્ય–ભાવ આજ્ઞાનું અધિકારીપણું કોને હોય ? અને તે કેમ વધે ?

**યોગિરાજ**—ભદ્ર ! આ વિષય ઘણો મોટો છે, અને તેનો શાસ્ત્રમાં ઘણો વિસ્તાર કર્યો છે, તો પણ સંક્ષેપમાં ' દ્રવ્ય ' શબ્દનો તે અર્થમાં પ્રયોગ થાય છે તો +દ્રવ્ય એટલે **અપ્રધાન**, તથારૂપ ભાવવિહીન, જેમકે આચાર્યમાં હોવા યોગ્ય શાસ્ત્રોક્ત ગુણથી રહિત હોય તે દ્રવ્યાચાર્ય કહેવાય; સાધુમાં હોવા યોગ્ય સાધુ ગુણથી રહિત હોય તે દ્રવ્ય સાધુ કહેવાય. દા. ત. અભવ્ય એવા અંગારમર્દક આચાર્ય. એટલે જ આવા ભાવ–ગુણવિહીન દ્રવ્યલિંગી વેષવિડંબક દ્રવ્યાચાર્યાદિને શાસ્ત્રમાં **ખોટા રૂપીઆની** ઉપમા આપી છે તે યથાર્થ છે તેમજ ક્રિયાની બાબતમાં જોઇએ તો જે ક્રિયા યંત્રવત્ ક્રિયાજડપણે અનુપયોગ-પણે, કંઇપણ ભાવસ્ફુરણારૂપ અંતર્ભેદ વિના કરવામાં આવે છે, તે પણ અપ્રધાન દ્રવ્યનું ઉદાહરણ છે. દ્રવ્યનો બીજો અર્થ **ભાવજનન યોગ્યપણું** છે; જે દ્રવ્ય *ભાવનું કારણ થાય છે, જે દ્રવ્યથી ભાવ પ્રગટે છે, તે દ્રવ્યનો **પ્રધાન** એવો પ્રકાર છે. દાખલા તરીકે માટી છે તે દ્રવ્યઘટ છે, સુશ્રાવક છે તે દ્રવ્યસાધુ છે, સુસાધુ છે તે દ્રવ્યદેવ છે ઇત્યાદિ. ભાવને ઉત્પન્ન કરનારું એવું આ **પ્રધાન દ્રવ્ય પ્રશસ્ત** હોઇ અત્ર પ્રસ્તુત છે, અપ્રધાન દ્રવ્ય અપ્રશસ્ત છે કારણ કે જે પ્રધાનરૂપ દ્રવ્યક્રિયાથી ભાવની ઉત્પત્તિ થાય, તે જ

---

+ " एगो अप्पाहन्ने अण्णो पुण होइ भावजोग्गत्ते ।
पढमो गंठिगयाणं बितियोऽपुणबंधगाइणं ॥ " —ઉપદેશરહસ્ય.
" अनुपयोगो द्रव्यम् ॥ "

* દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું, ભાવ પ્રશસ્ત તે શુદ્ધ, "
નામ ધર્મ હો ઠવણ ધર્મ તથા, દ્રવ્ય ક્ષેત્ર તિમ કાલ.
ભાવ ધર્મના હો હેતુપણે ભલા, ભાવ વિના સહુ ચાલ."
—મહામુનીશ્વર દેવચંદ્રજી.

આત્માર્થીને ઉપકારી છે, અને ×ભાવ એટલે આત્મભાવ, આત્મામાં તથારૂપ જ્ઞાનદર્શન-ગુણનું પરિણમન, આત્મસ્વભાવપરિણતિ.

આમાં પ્રધાનરૂપ દ્રવ્ય આજ્ઞાનો અધિકાર તો **અપુનર્બંધકાદિ**÷ દશાવિશેષને પામેલા મુમુક્ષુઓને જ છે; કારણ કે તેવી પ્રધાનરૂપ દ્રવ્ય આજ્ઞા જ વિશિષ્ટભાવ ઉત્પન્ન કરવાને યોગ્ય એવી હોય છે. આ અપુનર્બંધકાદિ દશા પૂર્વે સકૃદ્ બંધકાદિને તો આ પ્રધાનરૂપ છે; કારણ કે તે દ્રવ્ય આજ્ઞાનું પાલન પણ અનુપયોગપણે ક્રિયા જડપણે કરે છે. આમ દ્રવ્યઆજ્ઞાના મુખ્ય અધિકારી તો અપુનર્બંધકાદિ હોય અને ભાવઆજ્ઞા તો સમ્યગ્દષ્ટિ આદિને જ ઘટે છે, તે જ તેના અધિકારી છે.

આ દ્રવ્ય–ભાવ આજ્ઞાના અધિકારીપણાની ઉત્તરોત્તર વૃદ્ધિ પણ સમ્યક્પણે આજ્ઞા-પાલનથી હોય છે; માટે આજ્ઞા–આરાધનમાં અપ્રમાદ સેવવો એ જ કાળલબ્ધિની પરિપકવ-તાનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે, એ આ ઉપરથી તને સુપ્રતીત થશે.

**પથિક—મહાત્મન્!** આ ઉપરથી તો અપુનર્બંધકાદિ ઉચ્ચ દશાવિશેષવાળા સંત-જનો જ આ દ્રવ્ય–ભાવ આજ્ઞાના અધિકારી હોઈ આ દિવ્ય જિનમાર્ગના અધિકારી છે એમ ફલિત થાય છે.

**યોગિરાજ**—અહો વિચક્ષણ! હા, એમ જ છે. આ અપુનર્બંધકાદિ પણ વ્યવહારથી આ દિવ્ય માર્ગના અધિકારી કહ્યા છે. પણ નિશ્ચયથી–પરમાર્થથી તો સમ્યગ્દષ્ટિ આદિ ભાવસંપન્ન જીવો જ અત્રે ખરેખરા મુખ્ય અધિકારી છે. કારણ કે '**दंसणमूलो धम्मो**'*

---

× " દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વળી ગુણગ્રામોજી,
ભાવ અભેદ થવાની ઇહા, પરભાવે નિઃકામોજી."
આત્મભાવ તે ભાવ, દ્રવ્યપદ બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગેજી "
—**શ્રી દેવચંદ્રજી**

÷ " एते अहिगारिणो इह ण सेसा दव्वओ वि जं एसा ।
इयरीए जोग्गयाए सेसाण उ अप्पहाण त्ति ॥ "
**શ્રી હરિભદ્રાચાર્યજીકૃત પંચાશકશાસ્ત્ર.**

**અર્થાત્**—આ ( અપુનર્બંધકાદિ ) અહીં અધિકારીઓ છે, પણ બાકીના તો **દ્રવ્યથી પણ** અધિકારી નથી; કારણ કે આ દ્રવ્ય વંદના ઇતર–ભાવ વંદનાની યોગ્યતા સતે હોય છે. અપુનર્બંધકાદિથી શેષને તો દ્રવ્ય વંદના અપ્રધાન હોય છે.

* " दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं सिस्साणं ।
तं सोऊण सकण्णे दंसणहीणो ण वंदिव्वो ॥ "
**શ્રી કુંદકુંદાચાર્યજીકૃત અષ્ટપ્રાભૃત.**

સમ્યગ્દર્શન એ ધર્મવૃક્ષનું મૂલ છે, એ મૂલ વિના ધર્મવૃક્ષ ઊગે જ નહિં. સર્વવિરતિ આદિ પણ સમ્યગ્દર્શન ભાવરૂપ મૂલ હોય તો જ વિરતિ છે.—નહિં તો ભાવથી અવિરતિ* જ છે. **વ્રતને સમ્યક્ત્વમૂલ** કહ્યા છે એનું આ જ રહસ્ય છે. સમ્યક્ત્વરૂપ મૂલ હોય તો જ વ્રત એ વ્રત છે; નહિં તો પરમાર્થથી અવ્રત જ છે માટે પરમાર્થથી—નિશ્ચયથી આ દિવ્ય જિનમાર્ગના અધિકારીનો પ્રારંભ સમ્યગ્દષ્ટિથી જ થાય છે. ત્યાર પહેલાં જે અપુનર્બંધકાદિ ભાવવાળા, ઉત્તમ ગુણ—લક્ષણસંપન્ન, લઘુકર્મી, મંદકષાયી, મંદવિષયી, અતીવ-પરિણામી, અંતરંગ વૈરાગ્યવાસિત, સાચા માર્ગજિજ્ઞાસુ, તીવ્ર તત્ત્વપિપાસુ, ખરેખરા મુમુક્ષુ આત્માઓ છે, તે અનુક્રમે આ સમ્યગ્દષ્ટિ આદિ ભાવ પામવાની યોગ્યતાવાળા હોવાથી તેમને પણ અત્રે વ્યવહારથી અધિકારી કહ્યા છે; બાકી તેવા ગુણ—લક્ષણ વિનાના બીજા બધા× જનો—ગૃહસ્થો કે સાધુ નામધારીઓ—જે બાહ્યદષ્ટિથી ક્રિયાજડપણે કે શુષ્કજ્ઞાનીપણે તે માર્ગે સ્વચ્છંદે વિચરતાં છતાં, ‘ અમે આ જિનમાર્ગમાં છીએ ’ એમ માને છે કે મનાવે છે, તે તો અત્ર અનધિકારી હોઇ કેવળ માર્ગબાહ્ય જ વર્ત્તે છે. અને આવા અનધિકારી જીવો આવા દિવ્ય માર્ગે વિચરવાનો ખોટો દાવો કરતા રહી, ખરી રીતે તો આ વગોવે છે, હાંસી પાત્ર કરાવે છે! અને પોતે માર્ગ પામ્યા છે એવી મિથ્યા ભ્રાંતિથી તે માર્ગભ્રષ્ટ-વંચક જીવો આત્મવંચના અને પરવંચના કરે છે! આવા જીવો દ્રવ્યથી પણ આ માર્ગમાં વર્તતા નથી, કારણ કે તેમની દ્રવ્ય—બાહ્ય ક્રિયા પણ અપ્રધાન, ઉપયોગશૂન્ય, જડતારૂપ ને આભાસમાત્ર હોય છે, તથા રૂપભાવની ઉત્પાદક હોતી નથી એટલે જ આવા જીવોને અત્ર અનધિકારી કહ્યા છે. માત્ર સમ્યગ્દષ્ટિ આદિ મુખ્યપણે અને અપુનર્બંધકાદિ ગૌણપણે આ દિવ્ય જિનમાર્ગના અધિકારી છે, એ જ તાત્પર્ય છે. —( ચાલુ )

**ડા. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S.**

---

* “ गुणठाणावावारे एत्तो विरओ अविरओ णियमा ।
जह दहणो अदहंतो सत्तीए दाहगो चेव ॥
णियमा णंत्थि चरित्तं कइया वि हु नाणदंसणविहूणं ।
तम्हा तम्मि ण संते असग्गहाईण अवगासो ॥ ”

**શ્રી યશોવિજયજીકૃત ઉપદેશરહસ્ય**

× “ ण य अपुणबंधगाओ परेण इह जोग्गया वि जुत्त त्ति ।
ण य ण परेण वि एसा जमभव्वाणं पि णिद्दिट्ठा ॥ ”

**શ્રી હરિભદ્રાચાર્યજીકૃત પંચાશકશાસ્ત્ર,**

અર્થાત્—અપુનર્બંધકથી પર એવા સકૃત્ બંધકાદિને અહીં—આજ્ઞામાં યોગ્યતા પણ યુક્ત નથી. એથી પર—સકૃત્ બંધકાદિને પણ આ—અપ્રધાન દ્રવ્ય વંદના નથી એમ નથી, અર્થાત્ હોય છે જ, કારણ કે તે અપ્રધાન દ્રવ્ય વંદના તો અભવ્યોને પણ કહી છે.

नूतनवर्षारंभे

## आशीर्मङ्गलम् ।

( शालिनी )

वर्षत्येवं बोधपीयूषधारा
धर्मक्षेत्रान्पोषयत्येव नित्यम् ।
माङ्गल्यो यः सर्वभव्यानुकूलो
जीयान्नित्यं जैनधर्मप्रकाशः ॥ १ ॥

मासे मासे धार्मिके गेहगेहे
भक्त्या भव्यैः सादरैर्वाचनीयः ।
विद्वद्भोग्यान् लेखपूर्णाङ्कपत्रान्
जीयान्नित्यं जैनधर्मप्रकाशः ॥ २ ॥

शास्त्रज्ञानीपण्डितैः श्राद्धवर्यैः
सच्चारित्रैः साधुवृन्दैर्मिलित्वा ।
लेखीकृत्वा निर्मिता लेखसृष्टि-
र्जीयान्नित्यं जैनधर्मप्रकाशः ॥ ३ ॥

काव्यामोदैर्निर्मितोद्यानशोभा
प्रेमालापैः संस्तुताः श्रीजिनेन्द्राः ।
माधुर्येण प्राप्तबोधानुकूलो
जीयान्नित्यं जैनधर्मप्रकाशः ॥ ४ ॥

भाषापुष्पैः संस्कृतैर्मागधीयै-
र्हिन्दीगंधैर्भूषिता काव्यवेली ।
नानारङ्गैर्गुर्जरीयानुकूलो
जीयान्नित्यं जैनधर्मप्रकाशः ॥ ५ ॥

શ્રી બાલચંદ હીરાચંદ—માલેગામ

# અધ્યાત્મ-શ્રીપાલ ચરિત્ર

જેમ રામાયણ એ સર્વાંગ કથાગ્રંથ હોવા છતાં એમાંથી અધ્યાત્મ દૃષ્ટિયે ધાર્મિક અને નૈતિક, સાંસારિક અને આત્મિક શિક્ષાપાઠો તારવવા સહજ છે એમ શ્રીપાલ ચરિત્રમાંથી પણ ચાલુ યુગને બંધબેસતી ઘણી ઘણી વાતો વીણી લઈ જીવનમાં ઉતારવાની ખાસ અગત્ય છે. અહીં એ દૃષ્ટિયે વિચારણા કરવામાં આવી છે એટલે આખા યે ચરિત્રવર્ણનની વાંચક અપેક્ષા ન જ રાખે.

વર્ષભરમાં શાશ્વતી અઠ્ઠાઇ તરીકે ખ્યાતિ પામેલ આયંબિલની ઓળી( ચૈત્ર અને આસો–માસ )નું પર્વ બે વાર આવતું હોવાથી એમાં નવપદ આરાધના અગ્રભાગ ભોગવતી હોવાથી અને એ આરાધનાવડે જ જેનું જીવન ઉન્નતગામી બન્યું છે એવા શ્રીપાલ–મયણાની કથા સહજ યાદ આવી જાય એમાં કંઇ જ આશ્ચર્ય નથી. જ્યાં જ્યાં જૈન સમુદાય નવપદ આરાધનામાં ભાગ લઇ રહ્યો હોય છે ત્યાં ત્યાં શ્રીપાલ–ચરિત્ર કથારૂપે કહેવાય છે કિંવા રાસરૂપે ગવાય છે. શ્રી આયંબિલ વર્ધમાન તપ ખાતા ઘણાખરા શહેરોમાં કાયમ ચાલુ હોવાથી ઓળી પર્વની આરાધના ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જ રહી છે. ભાગ્યે જ કોઇ શહેર એવું હશે જ્યાં આયંબિલની ઓળી કરનાર કોઇ વ્યક્તિ નહીં મળી આવે અને એ જ ધોરણે કહી શકાય કે ભાગ્યે જ કોઇ જૈન એવો મળી આવશે કે જેને શ્રીપાલ રાસ સંબંધમાં કંઇ જ નહીં સાંભળ્યું હોય. સંભળાય છે તે મુજબ આ પ્રસંગના મૂળ લગભગ વીશમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રતસ્વામીના સમય સુધી ઊંડા જાય છે. એમાં મહત્ત્વની–તત્વપૂર્ણ અને નૈતિક અસર જન્માવે તેવી રસમય વાનકી ભરેલી હોવાથી જ અદ્યાપિ પર્યંત એની સ્મૃતિ ચાલી આવી છે એટલું જ નહીં પણ વર્ષમાં બે વાર એનું પાન કરવા છતાં શ્રવણની પ્યાસ બુઝાતી નથી. કથા–ચરિત્ર કે રાસની દૃષ્ટિયે એની સંકલના જરૂર સુંદર પ્રકારે થઇ છે એ કારણ તો છે જ પણ એ ઉપરાંત એના ચણતર જેની આસપાસ કરાયા છે એ પાયારૂપ નવપદનું સ્વરૂપ અને સાથોસાથ વણાયેલ અર્હત્દર્શનનો કર્મ સિદ્ધાંત જે મહત્ત્વ ભોગવે છે તે જરા પણ લક્ષ્ય બહાર કરવા જેવા મુદ્દા નથી જ.

આવું મહત્ત્વ ભોગવનાર ચરિત્ર સંખ્યાબંધ આવૃત્તિઓમાં ઉતરતું હોય, હજારોના કંઠે ગવાતું હોય અને લાખોના અંતર ઉજાળતું હોય એમાં કંઇ જ આશ્ચર્ય નથી. એ આકર્ષણ અનેરું હોવાથી ધન મેળવવાના પિપાસુઓ એને રૂપેરી પડદા પર ઉતારવા તૈયાર થયા છે. એ ઉતરશે કે કેમ અગર ઉતરે તો લાભદાયી છે કે કેમ એની ચર્ચા અત્રે અપ્રસ્તુત છે; બાકી એટલું તો કહી દેવું જ પડે કે જૈન ધર્મ ઉપરછલ્લા પ્રચારમાં માનતો નથી જ. એને ત્યાં સીન–સીનેરી કે બાહ્ય ટાપટીપ કરતાં આંતરિક ભાવનું મૂલ્ય ઝાઝેરું છે. સાચી તૃષા કદી પણ કૃત્રિમ શ્રીપાલ મયણાના દર્શને ન જ છીપી શકે.

સામાન્ય રીતે જોઇએ તો શ્રીપાળ કથાનકનો સાર નિમ્ન શબ્દોમાં આવી જાય.

એક રાજાના કુંવરને પિતાનું મૃત્યુ થતાં જ, કાકાના રાજ્યલોભના કારણે મંત્રીની સલાહ અનુસાર બાળવયમાં જ માતાની સાથે જ નાશી જવું પડે છે. પાછળ આવતા શોધકોથી બચવા સારુ કોઢીઆના ટોળામાં છુપાઇ જવું પડે છે. એ ભય જતાં પુત્રને લાગેલ ચેપી રોગના નિવારણ અર્થે માતાનું છૂટા પડી વૈદ્યની શોધમાં જવું. કોઢીયાના ટોળાનું ભ્રમણ કરતાં માલવ દેશની અવંતી નગરીમાં આવવું. રાજવી પ્રજાપાલને પોતાની પુત્રી મયણાસુંદરીના સ્પષ્ટ શબ્દોથી પોતાનું અપમાન થયાનું લાગવું. તેણીને દુઃખમાં હડસેલી દેવાનો નિશ્ચય. એ માટે જ્યાં વરની શોધ કરે છે ત્યાં અચાનક રીતે કોઢિયાના ટોળાનું આગમન. શ્રીપાળકુંવર સાથે મયણાના લગ્ન. મયણાએ અચળ શ્રદ્ધાના બળથી કર્મ સિદ્ધાંત પર મુસ્તક રહી આત્મિક ઓજસ્વિતા દાખવી પરિસ્થિતિમાં આણેલ પલ્ટો. દરમીઆન શ્રીપાલની માતુશ્રીનું આગમન. કોઢી વરની સાચી દશાની જાણ. મયણાની માતાનો હર્ષ. આખરે પ્રજાપાલ રાજવીની સાન ઠેકાણે આવી અને બાજી સુધરી ગઇ.

એક રીતે કહીએ તો ચરિત્રનો એક પ્રવેશ અહીં સુખપૂર્વક પૂર્ણ થાય છે. એમાં નાયક શ્રીપાલકુંવર હોવા છતાં મહત્તા મયણાસુંદરીને ફાળે નોંધાય છે. એકાએક એક બનાવથી શ્રીપાળકુમારની દેશાટન કરી ભાગ્ય અજમાવવાની વૃત્તિ જોર પકડે છે અને તે એકાકી નીકળી પડે છે. ભૃગુકચ્છથી સાર્થવાહ ધવલનો યોગ સાંપડે છે ને કોંકણ કાંઠાના થાણા બંદર સુધી પહોંચે છે. એક રીતે કહીએ તો સાર્થવાહ અને કુમારનો સમાગમ એ બૂરા અને ભલાની દોસ્તીરૂપ છે. એમાં ઉભય સ્વભાવનું સાચું પ્રતિબિંબ ઝળકી ઉઠે છે. પુન્યવાનને સંપદા ને સુખ પગ પગ હોય તેમ શ્રીપાલરાજા કુલીન રમણીઓ સહ પાણિગ્રહણ કરતો અને સ્વપરાક્રમના જોરે વહાણોનો માલિક બનતો ઉન્નતિના પગથિયા ચઢવા માંડે છે. એવામાં સત્વની કસોટી થવારૂપ ધકકો વાગે છે. જેના હૃદયમાં શ્રી સિદ્ધચક્રજીનું સ્મરણ સદાકાળ રમતું હોય એને વળી ભીતિ કેવી! મરણભયમાંથી સહીસલામત બચી જાય છે એટલું જ નહીં પણ આવી રહેલી અગ્નિપરીક્ષાના સ્થાને ખેંચાઇ આવે છે. સાર્થવાહ દાવ ફેંકે છે એવા શ્રીપાલ થાણાપુરીના સ્વામી બની જાય છે. 'રામ રાખે તેને કોણ ચાખે?' એ ઉક્તિ અનુસાર શ્રીપાલકુમાર તરી પાર ઊતરે છે. ગુંચવાયેલા કોકડા પરથી પડદો ઉચકાતાં સૌ સારા વાના થાય છે. પુનઃ સ્વજન-મેળાપમાં પ્રવેશ બીજો પૂર્ણ થાય છે. આમાં કુમારની પ્રતિભા મધ્યાહ્ને પહોંચે છે.

યુવાન હૃદય આટલાથી સંતોષ નથી પામતું તેમ હજુ બાપીકું રાજ્ય પાછું મેળવવાની વાત બાકી રહેતી હોવાથી કથાનાયક શ્રીપાલ મંત્રશક્તિના જોરે-દેવસાનિધ્યના પ્રતાપે પ્રગતિની કૂચ ચાલુ રાખે છે. કૌતુક નિહાળતો સર્વત્ર વિજય મેળવતો, રાજકુંવરીઓના પાણિગ્રહણ કરતો લગભગ વર્ષની મર્યાદાના પ્રાંતભાગે આવી પહોંચે છે. માતુશ્રી અને

મયણાસુંદરી પાસેથી રજા લેતી વેળા કરેલ પ્રતિજ્ઞા યાદ આવે છે. એમને મળવાના અભિલાષ જાગે છે. તુરત જ વીખરાયેલી રિદ્ધિસિદ્ધિ એકઠી કરવાના પ્રયગામ છૂટે છે અને સંપૂર્ણ સ્વાંગમાં મહારાજા શ્રીપાલ નિયત કરેલા સમયે અવંતિની ભાગોળે આવી પહોંચે છે. એ દળનું આગમન ખૂદ અવંતિપતિ પ્રજાપાલને વિચારમગ્ન બનાવી મૂકે છે. ચક્રવર્તી સરખા સૈન્ય ધરાવતા આ બળીયાનો સામનો કરવાની પોતાની અશક્તિ નિરખી કિલ્લાના દરવાજા બંધ કરી દેવાય છે અને મંત્રીમંડળ મસલત આરંભે છે. શ્રીપાળ કુમાર પોતાની છાવણીમાં જે રીતે માતા તથા પટરાણી મયણાને લાવે છે અને એ ઉભયનું જે રીતે સન્માન સચવાય છે એ આખોય પ્રસંગ દિલને હચમચાવે તેવો છે. એ પછી અવંતિપતિનો મેળાપ અને સો સ્વજન સમક્ષના નાચગાન એ પણ સો કોઇને કરુણુતામાં આર્દ્ર બનાવી દે તેવો પ્રસંગ બને છે. મહારાજ શ્રીપાલ ચંપાપુરીના પોતાના રાજ્યને હસ્તગત કરે છે. કાકાની સાન ઠેકાણે આવે છે. એ સાધુતામાં પગલા માંડે છે. રાજવી શ્રીપાલ સાંસારિક વિલાસમાં પડેલો છતાં નવપદ આરાધન નથી ચૂકતો. પુત્રાદિના પરિવારથી વૃદ્ધિ પામે છે. જ્ઞાની ગુરુનું આગમન થાય છે. પૂર્વભવ પરનું ઢાંકણુ ખૂલે છે અને કર્મરાજના પ્રપંચ ઉઘાડા પડે છે. રાજવી મોટા આડંબરથી નવપદ આરાધન વિધિપૂર્વક કરે છે અને આત્મકલ્યાણુ સાધે છે.

( ચાલુ ) **ચોકસી**

## સભા.........સમાચાર

### પુણ્યતિથિ

આસો વદિ ૮ ને શુક્રવારના રોજ સવારના નવ કલાકે સન્મિત્ર સદ્‌ગુણાનુરાગી મહારાજશ્રી **કર્પૂરવિજયજીની પુણ્યતિથિ** નિમિત્તે આપણી સભામાં મહારાજશ્રી **વિજ્ઞાનવિજયજી**ના પ્રમુખપણા નીચે એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. મહારાજશ્રી વિજ્ઞાનવિજયજી પોતે ગૃહસ્થ હતા તે સમયે મહારાજશ્રીના નિકટના પરિચયમાં રહેલા તેનો ખ્યાલ સુંદર શબ્દોમાં આપ્યો હતો. મહારાજશ્રીના સમતાગુણનો તેમજ અહોનિશ જ્ઞાનમગ્ન રહેતા હતા તેનો પોતાનો અંગત અનુભવ વર્ણવી બતાવ્યો હતો.

ત્યારબાદ મુખ્યવક્તા શ્રીયુત જીવરાજભાઈ ઓધવજી દોશીએ જણાવ્યું કે—મહારાજશ્રી એક ખરેખરા સાધુપુરુષ હતા. નાનપણમાંથી જ પોતે ભાવનગરમાં અભ્યાસ કરવા રહેલા તે સમયે શાંતમૂર્તિ મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજીના પરિચયમાં આવ્યા હતા અને તેમનામાં વૈરાગ્યભાવના પ્રગટી હતી. વીસ વર્ષની વયે તેઓશ્રીએ દીક્ષા લીધી હતી અને મહારાજશ્રી વૃદ્ધિચંદ્રજીની નિશ્રામાં રહી ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. સદ્દગત મહારાજશ્રી ભાવનગરમાં દાદાસાહેબખાતે ત્રણેક ચાતુર્માસ રહ્યા તે દરમ્યાન તેઓશ્રીનો મને ઘણો પરિચય થયો હતો. મહારાજશ્રી ઇરિયા આદિ સમિતિ ચુસ્તપણે પાળતા હતા. તેઓ રસ્તે ચાલતા હોય ત્યારે ભાગ્યેજ તેમની દૃષ્ટિ ઊંચી થતી. તેમના સાધુપણાના ગુણોથી દાદાસાહેબની સામે જ રહેતા દીવાનબહાદુર સ્વ. ત્રિભોવનદાસભાઇને ઘણી ઊંડી અસર થઇ હતી અને જૈન

સમાજમાં આવા સાધુઓ છે તેમ તેઓ મુક્તકંઠે પ્રશંસા કરતા હતા. મહારાજશ્રીને કોઇપણ પ્રકારની પદવી કે માન સન્માનનો મોહ ન હતો. સ્વ. આચાર્યશ્રી વિજયકેસરસૂરિજીને ભાવનગરમાં આચાર્યપદવી આપવામાં આવી હતી તે સમયે સ્વ. શ્રી કર્પૂરવિજયજી મહારાજનો ભાવનગર પર જે ઉપકાર હતો અને તેઓશ્રીમાં સાચા મુનિને છાજે તેવા જે ગુણો હતા તે માટે તેઓશ્રીને પણ પદવી આપવા સંઘે વિચાર કર્યો હતો, પરન્તુ મહારાજશ્રી પદવીને ઉપાધિરૂપ માનતા અને તેવી કોઇપણ પદવી લેવાની અનિચ્છા દર્શાવી હતી.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા** પર તેઓશ્રીનો ઘણો રાગ હતો અને **શ્રી જૈન ધર્મ પ્રકાશમાં** તેઓ વારંવાર લેખો આપતા હતા. સભા પ્રત્યે પણ તેઓશ્રીનો ઉપકાર ન ભૂલાય તેવો હતો. આ પુણ્યતિથિએ આપણે સૌ એકત્ર થયા છીએ અને મહારાજશ્રીના ગુણોનું સ્મરણ કરીએ છીએ તે આપણું અહોભાગ્ય છે. મુંબઇની શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ સ્વ. મહારાજશ્રીના લેખોનો જે સંગ્રહ બહાર પાડી રહી છે અને તે કાર્યને આચાર્યશ્રી વિજયપ્રીતિસૂરિજીએ જે સહકાર આપ્યો છે ને આપે છે તે પ્રશંસનીય છે.

ત્યારબાદ પંડિત જગજીવનદાસ પોપટલાલે સુંદર શબ્દોમાં મહારાજશ્રીના ગુણાનુવાદ કર્યા હતા. મહારાજશ્રી ચેતનવિજયજીએ પણ મહારાજશ્રીમાં કેવા ગુણો હોવા જોઇએ તે જણાવ્યું હતું. આ પ્રસંગે અમરચંદ માવજી શાહે પોતે રચેલ કાવ્ય સંભળાવ્યું હતું. પ્રાંતે વિદ્વાન મુનિરાજશ્રી વિજ્ઞાનવિજયજીએ સુંદર ઉપસંહાર કરી સભા વિસર્જન કરી હતી.

## નૂતન વર્ષ

વિ. સં. ૨૦૦૩ ની અરસપરસ શુભેચ્છા દર્શાવવા અને પરસ્પર જુહાર કરવા માટે સભાના સભાસદો સભાના મકાનમાં પધાર્યા હતા અને પ્રમુખ શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી તરફથી થયેલ દુગ્ધપાનને ઇન્સાફ આપી શુભેચ્છાપૂર્વક સૌ વિખરાયા હતા.

## જ્ઞાનપંચમી મહોત્સવ અને ટીપાર્ટી

દર વર્ષની માફક સભાના મકાનમાં જ્ઞાન ગોઠવવામાં આવ્યું હતું. કા. શુ. ૬ ના રોજ સવારના જ્ઞાનસમીપે પંન્યાસશ્રી રૂપવિજયજીકૃત પંચજ્ઞાનની પૂજા ભણાવવામાં આવી હતી અને બપોરના શા. પ્રભુદાસ જેઠાભાઇ તરફથી થતી ટીપાર્ટીનો લાભ સભાસદોએ સારી સંખ્યામાં લીધો હતો.

## સંઘવી જેચંદભાઇ દલીચંદનો સ્વર્ગવાસ.

જેચંદભાઇ ૭૮ વર્ષની વૃદ્ધ વયે સં. ૨૦૦૩ ના કાર્તિક શુદિ ૧ ને શુક્રવારના રોજ સ્વર્ગવાસી થયા છે. તેઓ અત્રેના કાપડના કુશળ વ્યાપારી હતા. ગોધાની શેઠ કાળા મીઠાની પેઢીનો વર્ષો સુધી સુંદર વહીવટ કરી તેને સંગીન સ્થિતિમાં મૂક્યો હતો. અત્રેના શ્રી ગોડીજીના દેરાસરની કમિટીમાં પણ સારો સહકાર આપતા હતા. આપણી સભાના કાર્યથી આકર્ષાઇ ઘણા વર્ષોથી સભાના લાઇફ મેમ્બર થયા હતા. અમે સ્વર્ગસ્થના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થીએ છીએ.

# વિજ્ઞપ્તિ

સભાના સભ્યો તથા માસિકના ગ્રાહકોને જણાવવાનું કે—માસિકનો ખર્ચ દિવસે દિવસે વધતો જાય છે. ગયે વર્ષે એક માસિકનો વાર્ષિક ખર્ચ રૂપિયા ત્રણ જેટલો આવ્યો હતો. આ સાલ છપામણીનો ખર્ચ દોઢો લગભગ આપવાનો છે, કાગળનો ખર્ચ પણ કાંઈ કમી થયો નથી. લગભગ સાડા ત્રણ રૂપિયા ખર્ચ થવાનો છે એટલે દરેક ગ્રાહક દીઠ લગભગ બે રૂપિયા લવાજમ ઉપરાંત સભાને ખર્ચવાના છે. લાઇફ મેમ્બરના રૂપિયા પચાસનું વ્યાજ રૂપિયો એક જ આવે છે. એટલે તેમાં પણ વ્યાજની ગણત્રીએ દર માસિકે રકમ ઉમેરવાની રહે છે. વાર્ષિક ત્રણ રૂપિયાના સભ્યોમાં પણ થોડી ઘણી રકમ ઉમેરવાની થાય છે. માસિક સિવાય ભેટ વિગેરેના પુસ્તકોનો ખર્ચ તો અહીં દર્શાવવામાં આવતો નથી. છેલ્લાં ચાર પાંચ વર્ષમાં દરેક માસિકે પોતાનું લવાજમ બમણું ઉપરાંત કર્યું છે. '**જૈન ધર્મ પ્રકાશ**'ને અમે એક લ્હાણી-પ્રભાવના ગણીએ છીએ એટલે સુખી શ્રીમંત માણસો આવા પ્રભાવનાના કાર્યમાં પોતાનો હાથ લંબાવે, યથાશક્તિ નાની મોટી સહાયની રકમ મોકલે તો આ માસિકનું લવાજમ ન વધારવું એવી અમારી ભાવના છે. ગયે વર્ષે અમારી અપીલને ઉત્તેજન આપી કેટલાક ગૃહસ્થો તરફથી અમને રૂપિયા એકવીશ સો જેટલી રકમ મળી છે. એટલે ગયા વર્ષમાં ઓછી ખોટ આવી છે. આ વર્ષે પણ સભ્યો, ગ્રાહકો અને ગૃહસ્થો યથાશક્તિ રકમ મદદ માટે મોકલી અમારી ભાવનાને સંતોષશે અને આવો મુશ્કેલીનો વખત અમે તેઓની મદદથી પસાર કરી શકશું એવી અમને ઉમેદ હોવાથી યથાશક્તિ સહાયની રકમ મોકલી આપવા અમારી વિજ્ઞપ્તિ છે.

Reg. No. B. 156

## બે પ્રતિક્રમણ સૂત્ર ( મૂળ )

બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ તેમજ સૂત્રોનો સંક્ષિપ્ત ભાવાર્થ, સામાયિક લેવા પારવાની વિધિ, ચોવીશ તીર્થંકરોના નામો, વર્ણ અને લાંછન વિ. ઉપયોગી હકીકતનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાઈ તેમજ દેવસી પ્રતિક્રમણની વિધિ પણ આપવામાં આવેલ છે. કિંમત પાંચ આના.

લખો—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

---

## ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ભાષાંતર.

### પુરુષ વિભાગ ૧-૨ ( સંપૂર્ણ )

પ્રાતઃસ્મરણીય મહાન સીત્તેર પ્રભાવિક પુરુષોના ચરિત્રોવાળું આ પુસ્તક અવશ્ય વાંચવા યોગ્ય છે. લગભગ ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

---

## પુરુષાર્થ સિદ્ધિ.

ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષાર્થનું વિસ્તૃત વિવેચન. દરેક વર્ગમાં આવતી કથાઓ પણ સુંદર રીતે આપવામાં આવી છે. આ ગ્રંથના વાંચનથી સારો સદ્બોધ થાય તેમ છે. પ્રાસંગિક શિખામણો પણ હૃદયગ્રાહી અને સ્વીકાર્ય છે.

ચાર પુરુષાર્થોના વર્ણન ઉપરાંત સંસારચિત્રમાં પણ નવીન દશ કથાઓ પદ્યમાં આપી ખરેખર સંસારનું આબેહુબ ચિત્ર ખડું કર્યું છે.

ત્યારબાદ દાંપત્ય ધર્મનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં પતિ અને પત્નીની ફરજો સમજાવી ઝેરી જમાનાથી અલિપ્ત રહેવાનું સૂચન છે.

કેટલાક સ્તવનો અને ઉપદેશક પદોનો પણ છેવટે સંગ્રહ કરવામાં આવ્યો છે.

ક્રાઉન સોળ પેજી ૩૮૦ પૃષ્ઠના, પાકા બાઇંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. એક. પોસ્ટેજ અલગ.

---

## શ્રી પૃથ્વીચંદ્ર ચરિત્ર (ગદ્યબદ્ધ)

પૃથ્વીચંદ્ર અને ગુણસાગરનો એકવીશ ભવનો સંબંધ આપણામાં સારી રીતે જાણીતો થયેલ છે. શંખરાજા ને કલાવતીના ભવથી પ્રારંભી એકવીશમા પૃથ્વીચંદ્રના ભવ પર્યંતનો વિસ્તૃત વૃત્તાંત આ ગ્રંથમાં કર્તાશ્રી પંડિત રૂપવિજયજીએ સુંદર રીતે ગુંથ્યો છે. કથા રસિક હોવાથી વાંચતાં આહ્લાદ ઉપજે છે. અંતર્ગત ઘણી ઉપદેશક કથાનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેત્રીશ ફોર્મની પ્રતની કિંમત માત્ર રૂા. ચાર, પોસ્ટેજ અલગ.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ—શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ, દાણાપીઠ—ભાવનગર.